શ્રી 'કર્ણિક' સાહિત્ય પ્રકાશન મંદિર. પ્રથમ પુષ્પ.

ૐ

શ્રીમદ્ ભગવદ્ ગીતા.

(ગઝલમાં અનુવાદ—ગઝલમાં ગીતા)

લેખક—

માધવરાવ ભાસ્કરરાવ કર્ણિક—સુરત.

સ્વામીભક્ત સુરપાલ, રાજર્ષિ ભર્તૃહરિ, સદ્‌ગુણી શશીકળા, સંસાર નૌકા—(કાવ્યમાં વાર્તા) વિનાશીની વામા અથવા નામ રાજાનો સર્વ નાશ, મહર્ષિ પરશુરામ આદિના લેખક.

પ્રકાશક—

માધવરાવ ભાસ્કરરાવ કર્ણિક

શ્રી 'કર્ણિક' સા. પ્ર. મંદિર, ગોપીપુરા—સુરત.

સુરત—ખપાટીયા ચકલા, લક્ષ્મીનારાયણની વાડીમાં આવેલા 'જૈન વિજય' પ્રી. પ્રેસમાં મુળચંદ કસનદાસ કાપડીયાએ છાપ્યું.

પ્રથમ સંસ્કરણ] સંવત ૧૯૮૦ [પ્રતિ સંખ્યા એકસહસ્ત્ર.

મુલ્ય (ઉંચા સુંદર કાગળો) પાંચ આના.

(ઘણાજ ઉત્તમ કાગળ) છ આના.

શ્રી 'કર્ણિક' સાહિત્ય પ્રકાશન મંદિર.

નિયમોઃ—

(૧) ગમે ત્યારથી ગ્રાહક થઈ શકાય છે.

(૨) ગ્રાહક થતી વખતે આઠ આના રજીસ્ટર ફી ભરવી પડે છે.

(૩) રજીસ્ટર ગ્રાહકોને કાર્યાલય દ્વારા પ્રકાશીત પુસ્તકો **પોણી કિંમતમાં** મળે છે. ગ્રાહકોને વધારેમાં વધારે વર્ષમાં રોકડ બે રૂપિઆજ ભરવા પડે એવી રીતેના પુસ્તકો બહાર પડશે. એથી ઓછી કીંમતના પુસ્તકો પ્રકટ કરવાનો પણ સંસ્થાને હક છે.

(૪) ગ્રાહકોને બંધ થતી વખતે રજીસ્ટર ફી પાછી આપવામાં આવશે.

(૫) શુદ્ધ, શિષ્ઠ અને સરળ ગદ્ય પદ્યના પુસ્તકો બહાર પાડવામાં આવશે. સસ્તામાં સસ્તી કીંમતે અમૂલ્ય ગ્રંથો આજ સંસ્થા પ્રકટ કરે છે માટે ગ્રાહક થઈ એનો લાભ લેવા આજેજ તૈયાર થાઓ. હવે પછીથી નીચલાં પુસ્તકો પ્રકટ થનાર છે.

(૨) સુવર્ણ માલા (૩) કાવ્ય કુંજ.

વધુ માટે લખોઃ—

માધવરાવ ભાસ્કરરાવ કર્ણિક.

શ્રી 'કર્ણિક' સાહિત્ય પ્રકાશન મંદિર, ગોપીપુરા સુરત.

'કર્ણિક' નાં લખેલાં અન્યાન્ય પુસ્તકો.

	કિંમત
શ્રીમદ્ ભગવદ્ ગીતા (કાવ્યમાં)	૦—૬—૦
સ્વામીભક્ત સુરપાલ	૦—૩—૦
રાજર્ષિ ભર્તૃહરી સચિત્ર)	૦—૮—૦
સદગુણી શશીકળા (સચિત્ર)	૦—૬—૦
૧ વિનાશીની વામા અથવા રામરાજાનો સર્વનાશ (સચિત્ર)	૩—૦—૦
મહર્ષિ પરશુરામ	૦—૧—૦
સંસાર—નૌકા (કાવ્યમાં કથા)	છપાય છે.
* કાવ્ય કુંજ	છપાય છે.
આદર્શ આર્યા અથવા ભાગ્યહીન ભાર્યા	૦—૧૨—૦
* સુવર્ણમાલા	છપાય છે.

* આ નિશાનીવાળા પુસ્તકો આ સંસ્થાદ્વારા પ્રકટ થશે. બહારગામથી મંગાવનારે કિંમત ઉપરાંત પોસ્ટેજનો અર્ધો આનો વધારે મોકલવો. વિ. પી. થી મંગાવનારે ઓર્ડર સાથેજ કિંમત પેટે પાંચ આનાની ટીકીટો બીડવી તે સિવાય વી. પી. કરવામાં આવશેજ નહિ.

૧—નોટ—(વિનાશીની વામા) આ પુસ્તકને માટે અમારી કેરમાં 'જે' ને લખો.

લખોઃ—માધવરાવ ભાસ્કરરાવ કર્ણિક.
શ્રી. 'કર્ણિક' સાહિત્ય પ્રકાશન મંદિર
ગોપીપુરા—સુરત.

પ્રસ્તાવના.

આવા પુસ્તકોને પ્રસ્તાવનાની આવશ્યકતા હોય નહિ છતાં બે શબ્દો લખવા યોગ્ય ધારૂં છું. આ પુસ્તકમાં 'ગીતા' જેવા અમૂલ્ય શાસ્ત્રને ગઝલમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. એ કાર્ય જો કે ઘણુંજ કઠીન છે છતાં લાંબા સમય પછી તે પૂર્ણ કરવામાં આવેલું છે અને સંપૂર્ણ લક્ષ આપી તેને યોગ્ય બનાવવા યત્ન કર્યો છે. એ કાર્ય કેટલે અંશે સાર્થક થયુ છે તે તો સુજ્ઞ વાંચકોજ જાણી શકશે. પ્રુફ વિગેરેની કોઇ ભૂલો અવશેષ હોય તો વાંચકો ક્ષમા આપશે એવી આશા છે. અંતમાં વાંચકોને આ ગ્રંથ-માળાના ગ્રાહકો થવા પ્રાર્થના કરી આ કાર્યમાં સલાહ આપનારાઓનો લેખક આભાર માને છે.

સેવક,

મા. ભા. કર્ણિક
શ્રી 'કર્ણિક' સાહિત્ય પ્રકાશન મંદિર
ગોપીપુરા—સુરત.

પ્રબોધીની એકાદશી
કાર્તિક શુકલ પક્ષ
વિક્રમ સંવત ૧૯૮૦

શ્રીમદ્ ભગવદ્ ગીતા.

(ગઝલમાં)

પ્રથમોધ્યાય.

અર્જુન વિષાદયોગ—

ધૃતરાષ્ટ્ર:—"કહે સંજય ! કુરૂક્ષેત્રે વિરોએ એકઠા થઇને,
અને સંતાન મારાએ કર્યું શું યુદ્ધમાં જઇને ?" ૧
સંજય:—"નિહાળી સૈન્ય પાંડવનું ઉભેલું ધીરતા ધારી,
કહ્યું દુર્યોધને જઇને હતા જ્યાં દ્રોણ ભયહારી." ૨
"જુઓ, પાંડવતણી સેના ઉભી છે આ અભિમાને,
રચી વ્યૂહની વ્યવસ્થા સૌ દ્રુપદના શ્રેષ્ઠ સંતાને." ૩
રિપુના સૈન્યમાં ભાળો ઉભા યોદ્ધા ધનુર્ધારી,
નરાધીપ ! પાર્થ ને ભિમનો શકે છે ગર્વ સૌ વારી. ૪
તથા યુયુધાન, અભિમન્યુ અને આ કુંતિભોજાદિ,
દ્રુપદ ને આ યુધામન્યુ ઉભા છે શૈબ્ય રણવાદિ. ૫
પુરૂજીત, ચેકીતાનજ આ તથા અહીં ધૃષ્ટકેતુ છે,
અને પાંચાળી પુત્રોનો અડગ રણનોજ હેતુ છે. ૬
વિરાટેશ્વર સમિપ ભાળો મહાવિર કાશીરાજાને,
ઉભેલા શસ્ત્ર લઇ કરમાં ધનુર્ધર ઉત્તમૌજા છે. ૭
દ્વીજોત્તમ ! આપણા સૈન્યે તમેને ભિષ્મ ભયહારી,
તથા સુત સોમદત્તનો ને તમારો પુત્ર જયકારી. ૮
વિકર્ણજ કર્ણ કૃપ આદી ન રાખે પ્રાણની પરવા,
ધુરંધર મ્હારથી એવા પ્રવિણ શસ્ત્રાસ્ત્ર વાપરવા. ૯

રીપુના સર્વ લશ્કરનો અધિપ ભીમ શ્રેષ્ઠ રણધીર છે
અમારા સૈન્યનો સ્વામી પિતામહ ભિષ્મ ભડવીર છે. ૧૦
ગુરૂજી ! આપને બીજા ઉભા રહી વ્યૂહને દ્વારે,
કરો રક્ષા પિતામહની અડગ તલવારની ધારે. ૧૧
પછી ત્યાં ભીષ્મદાદાએ કુરૂને હર્ષ ઉપજાવી,
બજાવી શંખ સિંહનાદે દીધું રણક્ષેત્ર ગરજાવી. ૧૨
નગારા શંખ રણસિંગા ઘણાં ત્યાં વાગવા લાગ્યા,
ભિરૂએ શંખ નાદોને સુણીને ભાગવા લાગ્યા. ૧૩
પછી શુભ શ્વેત અશ્વોના મહારથમાં વિરાજેલા,
વગાડે શંખ બહુ હર્ષે ધનંજય કૃષ્ણ રણઘેલા. ૧૪
ગજાવ્યું ક્ષેત્ર તે સઘળું શ્રીકૃષ્ણે પાંચજૈન્યેથી,
રહયો ભીમ પૌંન્ડ્રથી ગાજી ધનંજય દેવદત્તેથી, ૧૫
મણિપુષ્પક શ્રિસહદેવે અનંતવિજય યુધિષ્ઠિરથી,
રહ્યા છે શંખ એ ગર્જી સુઘોષજ શ્રિનકુલ વીરથી. ૧૬
શીખંડી, ધૃષ્ટદ્યુમ્નજને ધનુર્ધર કાશીરાજા છે,
સુપુત્રો દ્રૌપદી કેરા વિરાટેશ્વર વિરાજ્યા છે. ૧૭
દ્રૂપદ, સૌભદ્ર મહાબાહુ ઉભા આ સાત્યકી ગર્વે,
વગાડે શંખ બહુ વેગે નરાધીશ ! તે વિરો સર્વે. ૧૮
સુણી એ શંખના નાદો ધરા નભ છે રહ્યું ગાજી,
હૃદય સહુ કૌરવો કેરાં ગયા એ નાદથી લાજી. ૧૯
ઉભેલી યુદ્ધ ઇચ્છાથી સકલ સેના હતી જ્યારે,
ધનુષ લઇ પ્રેમથી હસ્તે વચન અર્જુન વદ્યા ત્યારે. ૨૦
"સુણો કેશવ ! સખા મારા હવે રથ શીઘ્ર આ હાંકો,
બરાબર મધ્યમાં તેને તમે સત્વર ઉભા રાખો. ૨૧
રિપુ અહીં કોણ છે મારા ઉભેલા યુદ્ધને કાજે,
લડીશ હું કોણ નર સાથે નિહાળું સર્વ તે આજે. ૨૨

ભલું કૌરવ તણું ચાહી મળ્યા વિર કોણ સંગ્રામે,
બરાબર તેમને ભાળું ઉભા જે યુદ્ધને ઠામે." ૨૩
સંજય–"સુણી એ શબ્દ અર્જુનના શ્રીકૃષ્ણે શ્રેષ્ઠ રથ હાંકયો,
૧ દ્વીજોત્તમ ભીષ્મની પાસે પછી રથને ઉભો રાખ્યો.
શ્રીકૃષ્ણે શાંત મુખ રાખી વહાવી શબ્દની ધારા,
"નિહાળો પાર્થ! કૌરવ આ ઉભા તે દુશ્મનો તારા." ૨૪
ઉભય સેના વિષે પાર્થે નિહાળી સ્નેહીને ભાઇ,
સખા પુત્રો અને પૌત્રો વળી આચાર્ય પિતરાઇ. ૨૫
સહાધ્યાયી અને દાદા ઉભેલા બ.ળ સ્નેહીને,
શ્વસુર, કાકા અને મામા સગાં સઘળાં કુટુંબીન. ૨૬
સખા સંગ્રામમાં ભાળી દયા દિલમાં અતિ આણી,
ધરી બહુ ખેદ અંતરમાં ધનંજય ત્યાં વદ્યા વાણી." ૨૭
અર્જુન–"અરે! આ યુદ્ધ ઇચ્છાથી ઉભેલા આપ્તજન મારા,
નિહાળી દેહ મુજ કંપે છુટે પ્રસ્વેદની ધારા. ૨૮
શીથીલતા અંગમાં આવે કૃપા મુજ ગાત્ર કંપાવે,
મલિન મુખ થાય છે મારૂં રૂંવા દિલના ઉઠી આવે. ૨૯
નથી શક્તિ ઉભા રહેવા ત્વચામાં દાહ બહુ થાએ,
ભમે મસ્તિક ઘણું મારૂં ધનુષ કરથી પડી જાએ. ૩૦
નથી કલ્યાણ હું જોતો અશુભ ચિન્હો નિહાળું છું,
સગાને મિત્ર વધ કરતા નકી હું પાપ ભાળું છું. ૩૧
હણીએ સ્નેહીઓ મારા નથી જય રાજ્ય હું ચ્હાતો
ન એવા રાજ્ય કે ભોગે મને કૈં લાભ દેખાતો. ૩૨
અમે જે કાજ સુખ ભોગો અને સમૃદ્ધિ છે માગી,
ઉભા હું તેજ અહીં દેખું જીવન જર પ્રાણને ત્યાગી. ૩૩
પિતા, પુત્રો, શ્વસુર, સાળા વળી આચાર્ય ને ભાઇ,
તથા દાદા અને મામા સબંધી પૌત્ર પિત્રાઇ. ૩૪

૧ દ્વીજોત્તમ=દ્રોણાચાર્ય

સ્વજન એ કંઠ મુજ છેદે અગર ત્રણ લોકને સાટે,
કરૂં નવ યુદ્ધ તો શું હું લડીશ આ પૃથ્વીને માટે ? ૩૫
કરી નિષ્પ્રાણ કૈરવને મને આનંદ કયમ થાશે ?
હણી આ આતતાયીને પડીશ હું પાપને પાશે. ૩૬
અમારા બંધુઓ મારી કૃતાર્થી ના અમે થઇએ,
સ્વજનના કંઠને કાપી કહો સુખ કેમ ઉર લઇએ ? ૩૭
સ્વકુલનો નાશ કરવાથી તથા સન્મિત્ર દ્રોહ કરતા,
બની બુદ્ધિ મલિન લોભે ન તેથી કૈરવો ડરતા. ૩૮
પરંતુ આપ્તજનવધના નિપજતા દોષ ઉર આણી,
અમારે યુદ્ધરૂપ પાપો ન તજવા કેમ આ જાણી ? ૩૯
થતાં ક્ષય આપ્તજન કેરો સનાતન ધર્મ પલટાયે,
જતા કુળધર્મ, સહુ કુળએ અતિશે પાપ વશ થાયે. ૪૦
અધર્મી થાય છે કુળ જે સ્ત્રીઓ દુષ્ટા બને ત્યાંની,
પ્રજા સઘળી કુટિલ જન્મે પછી એ નિંદ્ય અગળાની. ૪૧
બધા કુળને, કુલઘ્નીને પ્રજા એ નર્કમાં નાંખે,
અને જે પિતૃઓ તેને વિના પિંડેજ તે રાખે. ૪૨
તથા કુળ દ્રોહી છે જેઓ અને શાંકર્યને પોષે,
મટે કુળ જાતીના ધર્મો સદાના તેમને દોષે. ૪૩
સમ્યા કુળધર્મ જન એવા સમય બહુ નર્કમાં ગાળે,
મળે એ નર્કથી મુક્તિ પછી તેને ઘણે કાળે. ૪૪
ખરેખર ખેદની ઘટના ઉભો હું પાપ કરવાને,
અહાહા ! રાજ્યના લોભે સગાના પ્રાણ હરવાને. ૪૫
ભલે કૈરવ કહી શસ્ત્ર મને નિઃશસ્ત્રને કાપે,
નિધન પ્રતિકાર હિન મુજને અધિક કલ્યાણ તે આપે. ૪૬
સંજય—"વદીએ ઉગ્ર ચિત્તેથી પછી સંગ્રામના પથમાં,
ધનુષ ને બાણ સહુ ત્યાગી વિરાજ્યા પાર્થ જૈ રથમાં." ૪૭

અધ્યાય ૨ જો—સાંખ્યયોગ.

સંજય–હૃદય ઉદ્વેગને શોકે નયનનીરથી ભર્યાં ભાળી,
સ્થિતિ એ પાર્થની જાણી વચન બોલ્યા શ્રીવનમાળી. ૧
"ધનંજય ! આ વિષમ ક્ષેત્રે પ્રિતિ ઉપજી તને ક્યાંથી ?
નહિ તું સ્વર્ગને પામે પરંતપ ! મોહ–માયાથી.
અનાર્યો મોહને સેવે અને તે મોહ વશ થાયે,
જગતમાં મોહથી સઘળે જરૂર અપકિર્તિ ફેલાયે. ૨
બીકણુતા ના તને શોભે ન ડરવું વિર સમ્રાટે,
હૃદયની તુચ્છ દુર્બળતા તજીદે યુદ્ધને માટે." ૩
અર્જુન–"પિતામહ પૂજ્ય છે મુજને, ચલાવી શસ્ત્ર ત્યાં મારા,
ગુરૂજી દ્રોણને અંગે પ્રહારો થાય શું પ્યારા ? ૪
પ્રભાવી આ ગુરૂઓને હણીને દેહ હું ધારૂં,
કરૂં નિર્વાહ ભિક્ષાથી અધીક એ શ્રેય કરનારૂં.
કદી એ સ્વાર્થીઓ કેરા પ્રભુજી ! પ્રાણ જો પડશે,
વડીલના લોહીથી ખરડયા મને ઉપભોગ સાંપડશે. ૫
ઉભયના સૈન્ય આ તેમાં અધિક છે કોણ બલધારી ?
અમે ના જાણીએ કયાં જ વિજયદેવી વિરમનારી ?
હણી આ કૌરવો સઘળા ન યાચું દેહ હું મારી,
ઉભા તે મોખરે સર્વે જુઓ હે ! કૃષ્ણ ભયહારી. ૬
દબાયો દિનતા દોષે બન્યો છું મૂઢ મતિવાળો,
ખરૂં કલ્યાણ કયાં મારૂં બતાવી કાઇ સૌ ટાળો.
ચરણ મેં આપના સેવ્યા તમારો શિષ્ય હું સ્વામી,
મને ઉપદેશ દો સાચો શરણ તારે હું સુખધામી. ૭
મળે સુરરાજ્ય કે સૃષ્ટિ સમે સૌ શત્રુઓ મારાં,
ટળે દુઃખ ઇંદ્રીયો દમતું ન તેમાં એવું કૈં પ્યારા !" ૮

સંજય–"કરૂં ના યુદ્ધ હું કહીએ વદીએ દગ્ધ દિન વાણી,
ધનંજય મૌન્ય થઇ બેઠા નિરાશા અંતરે આણી." ૯
થયો એ સૈન્યની મધ્યે વિશાદજ પાર્થને જ્યારે,
કરી ઉપહાસ ભારતને વચન કૃષ્ણે કહ્યાં ત્યારે." ૧૦
"વચન વિદ્વાનના ભાખી અયોગ્યજ શોક કાં ધારે ?
ન રાખે પંડિતો, જીવતા– મુવાનું દુઃખ સંસારે. ૧૧
ન એવું; હું અને સઘળા ન હોતા આ સમષ્ટિમાં,
અને હઇશું નહિ પાછા ન બનશે એમ સૃષ્ટિમાં. ૧૨
પરંતપ! દેહ પિંજરમાં સદા દેહિ વિરામે છે,
જરા કૌમાર યૌવન એ દશા તે સર્વ પામે છે.
જરા જાતાં મરણદ્વારે પુનઃ આત્મા ધરે કાયા,
ગણી 'આ દેહ છે મારી' ન ધારે ધીરજન માયા. ૧૩
ચલિત ઇંદ્રિય તણા વિષયો દીએ સુખદુઃખ સંસારે,
અનિત્યજ એ દુખો તેથી ઘટે સહવાં બધાં તારે. ૧૪
વિષય પીડતા નથી ભારત ! સમાનજ દુઃખ સુખ જેને,
પુરૂષ તે 'ધીર' કૂહેવાયે મળે છે મોક્ષ પણ તેને. ૧૫
'અસત્' અસ્તિત્વ નવ પામે ન 'સત્'નો નાશ નિરખાશે
'અસત્ સત્' વસ્તુનો નિર્ણય મહા તત્વજ્ઞથી થાશે. ૧૬
જગત દેહી થકી વ્યાપ્યું અમર એ જાણ તું શક્તિ,
ન તેનો નાશ કરવાને સમર્થજ કોઇપણ વ્યક્તિ. ૧૭
અનાદિ નિત્ય છે આત્મા શરીરનો નાશ સૃષ્ટિમાં,
ધનંજય યુદ્ધ આદરવા ઉભો થા તું સમષ્ટિમાં. ૧૮
ગણે જે નાશ આત્માનો વધક જે પ્રાણને ધારે,
ન જાણે દેહીને તેઓ, નહિ આત્મા મરે, મારે. ૧૯
જનન મૃત્યુ રહીત જીવ તે 'ભવિષ્યે હોય ના ભાઈ,
હતો ભૂતકાળમાં નહિએ' ન એવું પાર્થ ! છે કાંઇ.

અજન્મા ને પુરાતન એ વળી સહુ કાળનો સાથી,
ન શાશ્વત પ્રાણુ મરનારો શરીરનો નાશ કરવાથી. ૨૦
સદા જે પ્રાણુને માને અમર ને નિત્ય અવિનાશી
હણાવે યા હણે કોને પુરૂષ તે મોક્ષ અભિલાષી? ૨૧
મનુષ્યો જીર્ણ વસ્ત્રોને તજી અંગે નવા ધારે,
મૂકી જીવ જીર્ણ કાયાને ધરે નવી દેહ સંસારે. ૨૨
નહિ શસ્ત્રો શકે છેદી નહિ અગ્નિ શકે બાળી,
નહિ સુકવે અનીલ જીવને શકે નહિ નીર પલ્હાળી. ૨૩
બળે, પલળે, સુકાયે કે નહિ છેદી શકે કાંઇ
અચળ, પરિપૂર્ણ એ આત્મા સનાતન સર્વગત ભાઇ! ૨૪
અતિ અવ્યક્ત આ આત્મા કદી કલ્પાય નહિ તેનો,
તું જાણી દેહીને એવો ધરે છે શોક આ શેનો? ૨૫
સદા એ સુક્ષ્મ દેહીનું જનન કે મૃત્યુ તું ધારે,
છતાં પણ શોક તો એનો ઘટે કૌંન્તેય! નહિ તારે. ૨૬
જનન છે નાશ પણ તેનો મરે તે જન્મ લેનારો,
અચળ એવી પ્રથા માટે અયોગ્યજ શોક છે તારો. ૨૭
હતી આદી સમે ભારત! બધી દુનીયા નિરાકારી,
"થઈ સ્થુલ મધ્યમાં" પાછી મરણથી શુન્ય થાનારી,
પછી તેનો ધનંજય! તું નકામો શોક કાં પાળે?
કંઇક તો પાર્થ! આત્માને મહા આશ્ચર્યવત ભાળે. ૨૮
કંઇક આશ્ચર્યવત્ કહેશે કંઇક તો સાંભળે તેવો,
સુણે તેવો છતાં કં તો ન જાણે પ્રાણુ છે કેવો? ૨૯
અમર ને નિત્ય છે આત્મા રહ્યો સગળા શરીર માંહી,
પછી એ સર્વ પ્રાણીનો ઘટે નહિ શોક પણ કાંઈ. ૩૦
વળી નિજ ધર્મ દષ્ટિએ ન ડરવું યુદ્ધથી તારે,
ન કામો ક્ષત્રીયો કાજે બિજાં કે શ્રેષ્ઠ સંસારે. ૩૧

ઉઘાડા સ્વર્ગ દ્વારો સમ મળે સંગ્રામ દૈવેથી,
મહા ધનભાગ્ય છે તેના બીજું નવ શ્રેષ્ઠ કૈં એથી. ૩૨
થશે ક્ષય સર્વ કિર્તિનો ન જો સંગ્રામ આદરશે,
તજી તુજ ધર્મને અંતે જરૂર તું પાપમાં પડશે. ૩૩
મનુષ્યો સર્વ સંસારે ભુંડું બહુ ભાખશે તારૂં,
પ્રતિષ્ઠિત લોક પૃથિવીમાં નિધન એથી ગણે પ્યારૂં. ૩૪
ગયો સંગ્રામ છોડી તું ગણી વીર હાસ્ય સૌ કરશે,
અને જ્યાં માન છે તારૂં તહાં હલકાઇ મેળવશે. ૩૫
રીપુ તુજ શક્તિની નિંદા જરૂર કરશે ઘણી જયારે,
અને અપશબ્દ સુણવાથી અધિક દુખ શાં કહે તારે ? ૩૬
મરીશ તો સ્વર્ગ સાંપડશે જીતીશ આ પૃથ્વીને સાટે,
અડગ નિશ્ચય કરી ભારત ! ઉભો થા યુદ્ધને માટે. ૩૭
અલાભાલાભ, સુખદુખને ગણી સરખું જીતે, હારે,
હવે પ્રવૃત્ત થા યુદ્ધે ન એથી પાપ કૈં તારે. ૩૮
તને આ સાંખ્યની બુદ્ધિ કથી કૌન્તેય મેં આજે,
હવે આ યોગની બુદ્ધિ કહું તુજ શ્રેયને કાજે.
સુણી નિષ્કામ બુદ્ધિ ને બનીશ જો યુક્ત તું તેથી,
કરીશ સહુ કર્મ તો બંધો તજાશે કર્મના એથી. ૩૯
વળી નિષ્કામ કર્મે તું ધનંજય ! કાર્ય આરંભે
ન લાગે દોષ જો તારા કદાચિત કર્મ એ સ્થંભે.
અને એ કાર્ય આરંભ્યુ ન ક્ષય તેનો લગારે છે,
પળાયો ધર્મ આ થોડો છતાં ભયથી ઉગારે છે. ૪૦
મનુજની બ્હાર બુદ્ધિની કદી નિરખાય પ્રવૃત્તિ,
અને જો હોય અંતરથી વિકારોથી રહિત વૃત્તિ.
પરંતુ એક છે તેનું પરંતપ ! લક્ષ સંસારે,
જરૂર સુખ તે બધા આપી જગતના શોકથી તારે.

બતાવી બ્હાર નિવૃત્તિ હૃદયમાં કામના જેને,
ઘણાં છે ધ્યેય તે જનના પડે દુખ પાર્થ ! બહુ તેને. ૪૧
ધનંજય ! વેદના વાદે સદા એ મગ્ન રહેનારા,
અને સુખભોગવણુ કાંઇ ન મેળવવા સમજનારા.
પરંતપ ! મુર્ખ જે મનુજો હૃદયમાં એમ ધારે છે,
સુશોભિત પુષ્પ જેવી તે મધુર વાણી ઉચારે છે. ૪૨
વિષયી, ને સ્વર્ગ ઉત્તમ જે ગણે તે ભોગ ઉર ધરવા,
જનમ ને કર્મ ફળ આપે ક્રિયા એવી કથે કરવા. ૪૩
બન્યા છે મુગ્ધ એ વચને ભૂલ્યા સુખભોગમાં જેઓ,
અચળ બુદ્ધિ સમાધીમાં કરી શકતા નથી તેઓ. ૪૪
કથન ત્રણ ગુણ તણું વેદે ત્રિગુણ એ પાર્થ ! દે ટાળી
તજીને દ્વંદ સુખ દુખના સદા થા સત્વ ગુણશાળી.
વળી રક્ષા ઉપાર્જનનો તમે આગ્રહ બધો ટાળો,
અને બસ આત્મના જ્ઞાને પરંતપ ! થા પ્રિતિવાળો. ૪૫
ગમે તેવા જળાશયથી જગતના અર્થ સૌ સરશે,
પિછાને બ્રહ્મને તેને કથ્યાં ફળ વેદનાં મળશે. ૪૬
તને અધિકાર છે કર્મે ન ફળ મેળાવવા શક્તિ,
તજી પરિણામની ઇચ્છા અકર્મે ત્યાગ આસક્તિ. ૪૭
બને સ્થિર યોગમાં, ફળની પિપાશા શાંત થૈ જાયે,
અસિદ્ધિ સિદ્ધિમાં સમતા ખરો તે યોગ કહેવાયે. ૪૮
કનિષ્ઠજ કર્મ તે જાણો રહિત જે બુદ્ધિ યોગેથી,
પિપાશુકર્મ દિન જનના શરણ લે બુદ્ધિનું તેથી. ૪૯
રહે દ્રઢ યોગમાં, યોગી શુભાશુભ કર્મ પરહરતા,
અને એ યોગ કહેવાયે સુકર્મે હોય ઉત્તમતા. ૫૦
ધરી નિષ્કામ બુદ્ધિને બધાં ફળ કર્મના તજતા,
જનન મૃત્યુ વિકારોથી રહિત તે મોક્ષ મેળવતા. ૫૧

સુણ્યા ને યોગ્ય સુણુવાને વિષય સઘળા ત્યજીશ જ્યારે,
શકીશ મોહ પંકને ત્યાગી ગૃહીશ વૈરાગ્ય ને ત્યારે. ૫૨
બની શ્રુતીથી ચલીત તારી મતિ તે પાર્થ ! દ્રઢ કરશે,
થશે સ્થિર તે સમાધિમાં પછી તું યોગ મેળવશે." ૫૩
અર્જુન:–"પ્રભો ! સ્થિર બુદ્ધિવાળાને હૃદય સમભાવમય જેનાં,
વચન, વર્તન અને લક્ષણ મને કેશવ ! કહો તેનાં." ૫૪
શ્રી કૃષ્ણ:–"મનુજ વૈરાગ્યને પામી તજે સંસારની જાળો,
ધરે આનંદ જીવ માંહી ગણો તે સ્થિર મતિવાળો. ૫૫
તજે ઉદ્વેગ જે દુખમાં સ્પૃહા સુખની બધી ટાળી,
મટયો ભય રાગ ગુસ્સો તે મુની છે સ્થિર મતિશાળી. ૫૬
થતાં પ્રાપ્તી શુભાશુભની રહે છે વૃત્તિ સ્થિર જેની,
રહિત આશક્તિ સઘળાથી પ્રતિષ્ઠિત બુદ્ધિ છે તેની. ૫૭
સમેટે કુર્મ નિજ અંગો મનુજ એવું કરી જ્યારે,
વિષયથી ઇંદ્રિયો ખેંચે બને છે બુદ્ધિ સ્થિર ત્યારે. ૫૮
ભૂખ્યા રોગી વિષય છોડે છતાં તેની કરે ભક્તિ,
પ્રભુના આત્મદર્શનથી તુટે એ પાર્થ આશક્તિ. ૫૯
કરે છે રોકવા યત્નો શરિરના અંગને જાણી,
છતાં વિદ્વાન ને બળથી જનારી ઇંદ્રિયો તાણી. ૬૦
કરી વશ ઇંદ્રિયો મુજને પરાયણ જે બને જ્યારે,
રહે સ્થિર ઇંદ્રિયો તેની બને છે બુદ્ધિ સ્થિર ત્યારે. ૬૧
વિષય સ્મરતાંજ આશક્તિ ઉપજતી કામના તેથી,
નડે ત્યાં વિઘ્ન તો ક્રોધી બને વ્યક્તિ અધિક એથી. ૬૨
વધે છે મોહ ગુસ્સાથી ભમે મોહે સ્મરણશક્તિ,
વિનાશજ બુદ્ધિનો થઇને બને છે નષ્ટ તે વ્યક્તિ. ૬૩
સદા જે આત્મને વશ છે રહિત છે રાગને દ્વેશે,
જીતી મન તે વિષય સેવી પરમ આનંદને લેશે. ૬૪

ખરો આનંદ અંતરનો મનુજના કષ્ટ દે ટાળી,
ત્વરીત બુદ્ધિ બને તેની ધનંજય! સ્થિરતા વાળી. ૬૫
ન સ્થિર બુદ્ધિ અયુક્તોની ન થાયે ધ્યાન તેનાથી,
અને નવ ધ્યાન વણ શાંતી પછી સુખ હોય ત્યાં ક્યાંથી. ૬૬
પિપાશુ કોઈ ઇંદ્રિયને કદી મન પાર્થ! વશ થાયે,
જીતાયે બુદ્ધિ પણ તેથી પવન જયમ નાવ લૈ જાયે. ૬૭
રહે સર્વત્ર રોકેલી વિષયથી ઇંદ્રિયો જેની,
બરાબર સ્થિર છે બુદ્ધિ બનેલી જાણવી તેની. ૬૮
બધા પ્રાણી તણી રાત્રી છતાં ત્યાં સંયમી જાગે,
અને તેને જગત જાગે સ્થિતિ તે રાત્રીવત લાગે. ૬૯
અચળ હદ હોય સાગરને સમાયે ત્યાં બધા પાણી,
ઉઠેલી કામના દીલમાં સમાવે એમ જે જાણી.
ચલિત ચિત થાય ના એથી ખરી ત્યાં શાંતી સાંપડશે,
રહી જ્યાં ભોગની ઇચ્છા ન ત્યાં શાંતી કદી જડશે. ૭૦
મૂકી ને કામના ઉરની સ્પૃહા છોડી બધી ફરશે,
તજી મમતા અહંતા તે ખરી શાંતીજ મેળવશે. ૭૧
સ્થિતિ એ બ્રહ્મમય પામ્યો પછી નવ મોહ ત્યાં જામે,
નિધન કાળે દશા એવી પુરૂષ તે મોક્ષને પામે." ૭૨

અધ્યાય ૩ જો—કર્મ યોગ.

અર્જુન:-"તમે જો જ્ઞાન બુદ્ધિને ગણો છો કર્મથી સારી,
મને આ ઘોર સંગ્રામે કરો કાં યુક્ત ભયહારી.! ૧
વચન મિશ્રિત વદી આવાં કર્યું મોહ પામવા જેવું,
મને કલ્યાણ છે શામાં કથો નિશ્ચય કરી તેવું." ૨
શ્રી કૃષ્ણ:-"પરમ પદ પામવા માટે જગતમાં પાર્થ! બે દ્વારો,
પ્રથમ તો જ્ઞાન યોગજ છે સુમારગ જ્ઞાનીનો ધારો.

અને જે યોગી છે તેઓ મચ્યા રહે કર્મ યોગેથી,
સુણો હે પાર્થ ! નિષ્પાપી ! કહ્યા મેં માર્ગ બે તેથી ૩
કરે નહિ કર્મ જે પુરૂષો નહિ તે મોક્ષ મેળવશે,
તજે જં નિત્યના કર્મો ન તેથી મોક્ષ પણ મળશે. ૪
મનુષ્યો કર્મ આચરતાં નહિ પળવાર પણ અટકે,
ગુણો મૂળ પ્રકૃતિ કેરા પરાણે કર્મમાં પટકે. ૫
સદા જે ઇંદ્રિયો ખાળી વિષય મનથી રહે જાણી.
વૃથા આચારવાળો એ મહામૂઢ જાણ તે પ્રાણી. ૬
ગણાયે શ્રેષ્ઠ તેનાથી વિષય આશક્તિને ખાળે,
ધરી કર્મેન્દ્રિયે કાબુ સદ જે કર્મ સંભાળે. ૭
થયું નિર્માણ ક્ષત્રીયનું કરે તુ કર્મ એ સારૂં,
ન કરતા કર્મ કાયાનું ન પોષણ પાર્થ ! થાનારૂં. ૮
તજી યજ્ઞાર્થના કર્મો પડયા જનબંધને આજે,
મૂકી ફળ વૃત્તિ તું યજ્ઞે ઉભો થા કર્મને કાજે. ૯
પ્રજા યજ્ઞો સહિત સૃજતાં પ્રજાપતિએ કહ્યું ત્યારે,
"તમે સહુ મેળવો વૃદ્ધિ કરી આ યજ્ઞ સંસારે.
મળે જયમ કામધેનુથી બધા ઇચ્છીત ફળો મળજો,
અને આ યજ્ઞ કરવાથી તમારા કષ્ટ સૌ ટળજો. ૧૦
ખુશી યજ્ઞે કરી દેવો તમે તેની પ્રિતિ પામો,
પરસ્પર આમ સંતોષે પરમ કલ્યાણથી જામો. ૧૧
બધા ઇચ્છિત ફળો દેશે ખુશી યજ્ઞે બની દેવો,
ન ફળ તે યજ્ઞમાં અર્પે મનુષ્યો ચોર છે તેઓ." ૧૨
બને તે મુક્ત પાપોથી વધેલું યજ્ઞનું જમશે,
સ્વકાજે પાક કરનારા ઉદર નીજ પાપથી ભરશે. ૧૩
શરીર પ્રાણી તણાં ધાન્યે ઉપજતું અન્ન પર્જન્યે,
પડે વરસાદ યજ્ઞેથી, જરૂર છે કર્મની યજ્ઞે. ૧૪

થયા છે બ્રહ્મથી વેદો અને સહુ કર્મ વેદથી,
રહ્યો છે બ્રહ્મ સર્વેમાં ગણ્યો યજ્ઞે વસ્યો તેથી. ૧૫
જગતનું ચક્ર આ ત્યાગી વિષયમાં પાર્થ ! જે ફરતા,
રહ્યા પાપી જીવન ગાળી વૃથા આયુષ્ય તે ધરતા. ૧૬
સકલ સંતોષ ને તૃપ્તિ પ્રિતિ આત્મા થકી માને,
નથી કર્તવ્ય પણ કાંઈ મનુષ્યો સર્વ તેવાને. ૧૭
પુરૂષ જે હોય છે તેવા ન તેને કર્મથી બંધો,
જગતમાં પ્રાણીઓ સાથે ન કાંઇ હોય સંબંધો. ૧૮
તજી આશક્તિ ફળની તું સદા કર્તવ્યમાં પળશે,
કરીશ નિષ્કામ કર્મો તો પરમપદ તે તને મળશે. ૧૯
વળી જનકાદિ સિદ્ધિને શકયા લઈ કર્મને વાટે,
તને છે યોગ્ય કર્મોને કરે એ લોક હિત માટે. ૨૦
સુજન સિદ્ધાંત જે માને કરે છે આચરણ જેવા,
જગત તેનેજ અનુસરશે પ્રમાણો બાંધશે તેવા. ૨૧
કશાંએ ઇષ્ટ કર્તવ્યો નથી ત્રણ લોકમાં મારે,
અને બાકી ન કૈં તો એ કરૂં હું કર્મ સંસારે. ૨૨
તજી સઘળા પ્રમાદોને ન જો હું કર્મને ધારૂં,
જગત મુજનેજ અનુસરશે નિહાળી ને જીવન મારૂં. ૨૩
બને લય લોકનો જો હું કદી કર્મો તજી જાઉં,
સૃજીને વર્ણ શંકરતા પ્રજા હણનાર હું થાઉં. ૨૪
કરે અજ્ઞાની કર્મોને ધરી ઉર જેમ આશક્તિ,
ઘટે છે કર્મ જનહિતમાં કરે નિર્લેપ જે વ્યક્તિ. ૨૫
કરે આશક્તિથી કર્મો ન ભ્રમ ઉપજાવવો તેમાં,
કરી નિષ્કામ કર્મોને સુજન જગ પ્રેરતો એમાં. ૨૬
સકલ પ્રકૃતિના ગુણથી કરાયે કર્મ સંસારે,
અહંકારી અને મૂઢ તો 'હું કર્તા છું'' છતાં ધારે. ૨૭

ગુણો પ્રત્યે ગુણો વર્તે ગણી ગુણ કર્મના જ્ઞાતા,
પરંતપ પાર્થ ! તે તાબે નથી કર્મો વિષે થાતા. ૨૮
થતાં ગુણુથીજ કર્મોને 'કરૂં હું' એમ પરમાણે,
ધરે આશક્તિ કર્મે તે ન ગુણ પ્રકૃતિના જાણે.
ધનંજય ! મંદ બુદ્ધિને રહ્યું અજ્ઞાન છે જેને,
કદી પણ જ્ઞાની કર્મેથી ચલિત કરતો નથી તેને. ૨૯
થતાં અધ્યાત્મ જ્ઞાને જે બધાં કર્મો મને દઇને,
કરો સંગ્રામ દુખ, આશા અને મમતા રહિત થઇને. ૩૦
વરતશે નિત્ય શ્રદ્ધાળુ ન આ મત દોષમય માની,
થનારી કર્મથી મૂક્તિ મનુષ્યો સર્વ તેવાની. ૩૧
કરી આ પંથમાં શંકા ન ત્યમ જે વર્તશે પ્રાણી,
ગણો મૂઢ નાશ પામેલાં દુષિત ચિત તેમનાં જાણી. ૩૨
જગતમાં પ્રકૃતી પેરે બધા જીવ કર્મ આચરતા,
કરે નિગ્રહ પછી શું ત્યાં સુજન પણ કર્મ જ્યાં કરતા. ૩૩
વિષય જે ઇંદ્રિયો કેરાં સ્વભાવે રાગ ત્યાં એને,
નડે છે 'રાગ' એ સઘળે થવું વશ ના કદી તેને. ૩૪
પરાયા ધર્મથી ન્યુન હો છતાં નિજ ધર્મ સુખમય છે,
સ્વધર્મે છે નિધન સારૂં બીજા ધર્મે જરૂર ભય છે." ૩૫
અર્જુનઃ-"પુરૂષ પ્રભુજી ! બળદ પેઠે પરાણે યુક્ત જો થઇને,
સ્વઇચ્છાવિણુ કહો શાથી પડે છે પાપમાં જઇને ?" ૩૬
શ્રી કૃષ્ણઃ-"રજોગુણથી મદન ઉપજે, મદનથી ક્રોધ સંસારે,
કરે પ્રવૃત્ત પાપોમાં અરિ એ બેજ છે ભારે. ૩૭
મળે દર્પણ, ધુમે અગ્નિ, અને જયમ ગર્ભ ઓરેથી,
પુરૂષનું જ્ઞાન સંતાયું ધનંજય ! 'કામ' છે તેથી. ૩૮
સદા જ્ઞાની તણો વૈરી ન થાએ તૃપ્ત વિષયેથી,
મનુજનાં જ્ઞાન ઢંકાયાં મદન રૂપ અગ્નિ છે તેથી. ૩૯

વળી મન, ઇંદ્રિયો, બુદ્ધિ વસે એ કામ ત્રણ ઠામે.
ત્રણેથી જ્ઞાન ઢંકાતું પછી જીવ મોહને પામે. ૪૦
પરંતપ! સર્વથી પહેલાં નિયમમાં ઇંદ્રિયો રાખો,
હણે જે જ્ઞાન, અનુભવને પ્રથમ તે શત્રુ હણી નાંખો. ૪૧
શરીરથી શ્રેષ્ઠ ઇંદ્રિય છે, અને છે શ્રેષ્ઠ મન તેથી,
મનેથી શ્રેષ્ઠ છે બુદ્ધિ, તથા આત્મા રૂડો એથી. ૪૨
ગણી એવુંજ બુદ્ધિથી મને બહુ સ્થિરતા ધારો,
મહા કષ્ટે જીતાયે તે મદનરૂપ શત્રુ સંહારો.". ૪૩

અધ્યાય ૪ થો—કર્મ બ્રહ્માર્પણ યોગ.

શ્રી કૃષ્ણ:-"નથી લય યોગ આ એવો, પ્રથમ મેં સૂર્યને દીધો,
મનુ, ઇક્ષ્વાકુએ ત્યાંથી ક્રમશ એને ગ્રહણ કીધો. ૧
યુગોથી પ્રાપ્ત યોગજ આ સકલ રાજર્ષિઓ જાણે,
ઘણા કાળે થયો તેનો વિનાશજ પાર્થ! આ ટાણે. ૨
પુરાતન યોગ સમજાવ્યો સખા જાણી તને આજે,
કહ્યું ઉત્તમ રહસ્યજ આ તું મારો ભક્ત તે કાજે." ૩
અર્જુન:-"સુરજનો જન્મ તો પહેલાં, થયો જગમાં તમારાથી,
કથ્યો ત્યાં યોગ આપે એ કહો સમજાય તે શાથી?" ૪
શ્રી કૃષ્ણ:-"જનમ તારા અને મારા, થયા જગમાં ઘણાં ભાઇ!
હું જાણું સર્વ જન્મોને નથી તું જાણતો કાંઇ. ૫
હું ઇશ્વર સર્વ જડ જીવનો જનન મૃત્યુ નથી મારે,
છતાં હું જન્મું મમ માયા અને પ્રકૃતિ આધારે. ૬
"પ્રવર્તે ધર્મમાં ગ્લાની અધર્મજ વિસ્તરે જ્યારે,
પરંતપ શ્રેષ્ઠ હે ભારત! ધરૂં છું દેહ હું ત્યારે." ૭
"સુજનને તારવા કાજે વિનાશજ દુષ્ટનો કરવા,
યુગેયુગ દેહ હું લઉં છું જગતમાં ધર્મ આદરવા." ૮

બધા મારા જનમ કર્મો યથાર્થંજ જાણતા જેઓ,
બીજો અવતાર નહિ તેને મને પામે જરૂર તેઓ. ૯
રહ્યા મમ આશ્રયે રીસને તજી ભય રાગ અંતરથી,
મને થઇ શુદ્ધ છે પામ્યા ઘણાં જન જ્ઞાન રૂપ તપથી. ૧૦
પુજે જન જે રીતે મુજને હું તેને તેમ ભજનારો,
મનુષ્યો સર્વદા લે છે ધનંજય ! માર્ગ જે મારો. ૧૧
ચહે જે કર્મની સિદ્ધિ પુજન તે દેવનું કરતા,
ત્વરાથી કર્મની સિદ્ધિ જગતમાં તેજ મેળવતા. ૧૨
સૃજી છે ચાર વર્ણો મેં અહીં ગુણ કર્મને ધારી,
હું કર્તા છું છતાં મુજને અકર્તા જાણ અવિકારી. ૧૩
સ્પૃહા નહિ કર્મના ફળની ન લેપન કર્મનું મારે,
મને જે એમ જાણે તે ન બંધો કર્મના ધારે. ૧૪
કર્યાં કર્મો મુમુક્ષોએ ધનંજય ! પૂર્વજો જેવાં,
ગણી આ શ્રેષ્ઠ મત મારો તમે કર્મો કરો તેવાં. ૧૫
શું કર્મોને અકર્મો ત્યાં મુંઝાયા જ્ઞાનીઓ સારા,
કહીશ એ કર્મ પણ તુજને અશુભથી મુક્ત કરનારા. ૧૬
શુભાશુભ કર્મના તત્વો સકલ છે જાણવા જેવા,
ગહન ગતિ કર્મની તેથી અકર્મે તત્વ પણ તેવા. ૧૭
'અકર્મે કર્મ' ને 'કર્મે અકર્મોને નીરખનારો,'
મનુજ તે જ્ઞાનીને યોગી અને સહુ કર્મ કરનારો. ૧૮
રહિત છે કર્મ, સૌ ઈચ્છા અને સંકલ્પથી જેને,
બળ્યા જ્ઞાનાગ્નિથી કર્મો સુજન 'પંડિત' કહે તેને. ૧૯
તજી આશક્તિ, આશ્રયને સદા સંતોષ જે ધારે,
કરે જન કર્મ તે તોએ ન કરતો કાંઇ સંસારે. ૨૦
તજે જે સર્વ સંગ્રહને તજી આશા સુદૃઢ મનથી,
પુરૂષ તે પાપ નવ પામે ભલે કર્મો કરે તનથી. ૨૧

યદૃચ્છાએ મળે તેમાં પરમ સંતોષ જે જાણે,
અસિદ્ધિ સિદ્ધિ કર્મોની સદા સમભાવ ત્યાં આણે.
રહિત છે તાઢ તડકાથી નથી ઈર્ષા રહી જેને,
પુરૂષ તે કર્મ આચરશે છતાં બંધન નથી તેને. ૨૨
પુરૂષ નિર્લેપ જે જ્ઞાને રહે સ્થિર છોડી આશક્તિ,
કરે છે કર્મ યજ્ઞ તે રહિત કર્મે બને વ્યક્તિ. ૨૩
અનળ, વસ્તુ, અને અર્પણ તથા છે બ્રહ્મ યાજ્ઞીક જે,
અને એ બ્રહ્મ કર્મોથી મળે છે સ્થાન બ્રહ્મજ તે. ૨૪
ઉપાસે દૈવ યજ્ઞોને પરંતપ ! યોગીઓ જ્યારે,
સમર્પે યજ્ઞથી યજ્ઞો બીજા બ્રહ્માગ્નિમાં ત્યારે. ૨૫
હોએ સંયમ-અનલ માંહી કંઈક જન ઈંદ્રિયો ભાઈ !
વિષય શબ્દાદિને હોમે કંઈક ઇંદ્રિય અનલ માંહી. ૨૬
અનલ જે આત્મ સંયમનો પ્રકટતો જ્ઞાનને જોમે,
કંઈક જન પ્રાણ, ઇંદ્રિયના બધાંએ કર્મ ત્યાં હોમે. ૨૭
વળી સ્વાધ્યાય, ધન, યોગે, તપેથી યજ્ઞ કૈં કરતા,
અને યતિઓ કંઈક છે તે કઠીન વ્રતનેય આદરતા. ૨૮
અપાને, પ્રાણ વાયુનો પરસ્પર હોમ કો પાળે,
પરાયણ પ્રાણવ્યાયામી ઉભયની તે ગતિ ખાળે. ૨૯
નિયત ખાનાર પ્રાણોને સમર્પે પ્રાણમાં જેઓ,
થતો ક્ષય પાપનો તેથી કરે છે કર્મ સૌ તેઓ. ૩૦
સુધા સમ શેષ યજ્ઞોનું જમે તે બ્રહ્મમાં ભળશે,
કરે નવ યજ્ઞ તેને આ ન જગ તો સ્વર્ગ શું મળશે ? ૩૧
પ્રકારો યજ્ઞના સઘળા વદાયા બ્રહ્મ મુખડેથી,
થનારા યજ્ઞ સહુ કર્મે તું જાણી મુક્ત થા તેથી. ૩૨
સરસ ધનયજ્ઞથી "યજ્ઞો જગતમાં જ્ઞાનના થાયે,"
ધનંજય ! જ્ઞાનમાં એવા બધાંએ કર્મ રહી જાયે. ૩૩

શીખી લે જ્ઞાન જ્ઞાનીથી નમન, પ્રશ્નો, કરી સેવા,
તને એ જ્ઞાન જ્ઞાનીને શીખવશે તાત્વીકો એવા. ૩૪
નિહાળીશ હું અને તુજમાં બધી વસ્તુ અને પ્રાણી,
ફરી નવ મોહ પામીશ તું પરંતપ ! જ્ઞાન એ જાણી. ૩૫
કદાપી સર્વ પાપોથી હશે તુજ પાપ જો ભારે,
છતાં આ જ્ઞાન નૌકા તે સકલ પાપાબ્ધિથી તારે. ૩૬
બને છે ભસ્મ કાષ્ટોની પ્રજળતા અગ્નિથી જેવી,
થનારી ભસ્મ કર્મોની જરૂર જ્ઞાનાગ્નિથી તેવી. ૩૭
પવિત્રજ જ્ઞાનના જેવું બીજું નવ વિશ્વની સામે,
સમય પર યોગ સાધે તે સ્વયં એ જ્ઞાનને પામે. ૩૮
નિયમમાં ઈંદ્રિયો, શ્રદ્ધા, સુદ્રઢતા જ્ઞાનમાં જામી,
પરમ શાંતી મળે તેને પરંતપ ! જ્ઞાન એ પામી. ૩૯
અશ્રદ્ધા ને વળી સંશય તથા અજ્ઞાન છે જેને,
ઉભય લોકો નથી તેના અને સુખ ના મળે તેને. ૪૦
તજ્યા છે યોગથી કર્મો ગયા છે સંશયો જ્ઞાને,
ન બાંધે કર્મ તે જનને રહે જે આત્મ અભિમાને. ૪૧
થયો અજ્ઞાનથી સંશય નિવારી જ્ઞાન અશીએથી,
કરો નિષ્કામ કર્મોને ધનંજય ! યુદ્ધ કર તેથી.” ૪૨

અધ્યાય ૫ મો—કર્મ સંન્યાસયોગ.

અર્જુન-“વખાણી ત્યાગ કર્મોને, વખાણો યોગને આજે,
વદો નિશ્ચય કરી બેમાં પ્રભો ! શું શ્રેષ્ઠ મુજ કાજે.”૧
શ્રીકૃષ્ણ-“પરંતપ ! એ ઉભય રસ્તે જરૂર કલ્યાણ મળનારૂં,
છતાં સંન્યાસને ત્યાગી કરે તું કર્મએ સારૂં. ૨
નહિ ઇર્ષા અને સ્પૃચ્છા ખરો સંન્યાસ તે ધારો,
સુખેથી બંધનો તજીને પુરૂષ તે મુક્ત થાનારો. ૩

ન પંડિત સાંખ્ય કે યોગે કદીએ ભિન્નતા ભાળે,
મળે ફળ બેઉના તેને ગમે તે માર્ગને પાળે. ૪
પમાયે સ્થાન સાંખ્યે જે મળે તે યોગથી ધારો,
યથાર્થજ તેજ જાણે છે ઉભયને એક ગણનારો. ૫
ધરે સંન્યાસ, વિણ યોગે બને તે દુઃખનો ભાગી,
ગૃહે પદ બ્રહ્મનું જલદી ખરો યોગી અને ત્યાગી. ૬
જીતેન્દ્રીય શુદ્ધ ને યોગી ગણે સહુ દેહી નિજ જેવા,
કરે કર્મો છતાં તેમાં નહિ લેપાય જન તેવા. ૭
સુણે, દેખે, ગૃહે, સ્પર્શે, સુંઘે, ચાલે, ઉંઘે, ખાતા,
વદે કે શ્વાસ લે, ત્યાગે નયન ખુલી બંધ થઇ જાતા. ૮
વિષય એ અંગના તેમાં પ્રવર્તે ઇંદ્રિયો જાણે,
નથી હું કાંઇપણ કરતો પુરૂષ તે એમ ઉર આણે. ૯
સમર્પે બ્રહ્મમાં કર્મો તજી ફળનીજ આશક્તિ,
કમળવત પાપ કે પુણ્યે નહિ લેપાય તે વ્યક્તિ. ૧૦
તજી આશક્તિ ઇંદ્રિયને શરીર, મન, બુદ્ધિને વાટે,
કરે છે કર્મને યોગી હૃદયની શુદ્ધિને માટે. ૧૧
તજીને કર્મના ફળને પુરૂષ જે કર્મથી જામે,
પરમ શાંતી તણું પદ તે નિરંજન બ્રહ્મને પામે. ૧૨
કરે નહિ કર્મ યા 'કર્મો કરે ફળમાં ધરી ભક્તિ,'
પરંતપ! કર્મ કરવાથી પડે તે બંધને વ્યક્તિ. ૧૩
તજી મનથી બધાં કર્મો જીતેન્દ્રીય સર્વ સુખ વરતો,
વસ્યો નવ દ્વાર મય દેહે ન તે દેહી કશું કરતો.
વળી ફળ, કર્મના યોગો નથી કિરતાર સુજનારા,
સકલ કતૃત્વને કર્મો સ્વભાવેથી નિપજનારા. ૧૪
ગૃહે જીવ પાપ પુણ્યોને જગત મોહથી ગણે એવું,
છુપ્યું ત્યાં જ્ઞાન અજ્ઞાને ગૃહે આત્મા ન કૈં તેવું. ૧૫

મટયું અજ્ઞાન જ્ઞાનેથી સુરજ સમ જ્ઞાન જ્યાં વ્યાપે,
ધનંજય! પ્રાણુ સર્વેથી રૂડો દર્શાવી તે આપે. ૧૬
ધરે અનુરક્તિ, મન, નિષ્ઠા; મતિ પણ પ્રાણુને ઠામે,
મટયા છે જ્ઞાનથી પાપો પુરૂષ તે મોક્ષને પામે. ૧૭
વિનયી ને જ્ઞાની બ્રાહ્મણુમાં તથા ચંડાળને શ્વાને,
ધરે સમ દૃષ્ટિ ગજ, ગાયે ધનંજય! પંડિતો જ્ઞાને. ૧૮
જીત્યો સંસાર આ લોકે રહ્યા સ્થિર સામ્યમાં જેઓ,
સમાનજ ને વિમળ બ્રહ્મે થયા સ્થિત જાણવા તેઓ. ૧૯
અપ્રિય, પ્રિય વસ્તુ મેળવતાં ખુશી ઉદ્વેગ નવ કાંઈ,
પુરૂષ બ્રહ્મજ્ઞ, સ્થિર એવા રહ્યા છે બ્રહ્મમાં ભાઈ.! ૨૦
બહિર્મુખ જે વિષય તેમાં ન રાખે લેશ આશક્તિ,
લીએ જે આત્મઅનુભવને ગૃહે છે મોક્ષ તે વ્યક્તિ. ૨૧
વિષય સ્પર્ષે સુખો ઉપજે જનમ ને નાશવાળા તે,
રમે જ્ઞાની નહિ તેમાં ગણી ભોગો દુખાળા છે. ૨૨
મદન ને ક્રોધના વેગો મરણ પહેલાં સહે જેઓ,
પુરૂષ પણ તેજ કહેવાયે સુખી ને યોગી પણ તેઓ. ૨૩
ધરી આરામ સુખ દીલમાં સદા જ્ઞાનેથી ભાસે છે,
પુરૂષ તે બ્રહ્મરૂપ યોગી પ્રભુપદમાં નિવાસે છે. ૨૪
નિમગ્નજ સર્વના હિતમાં સુકર્મી, વ્હેમ હિણુ જેઓ,
થયું વશ ચિત્ત ઋષિ એવા ગૃહે છે મોક્ષને તેઓ. ૨૫
મદનને ક્રોધ સહુ ત્યાગી યતિ જે પ્રાણુને જાણે,
અચળ ચિતના બધી સ્થિતિમાં વસે તે બ્રહ્મ નિર્વાણે. ૨૬
ભ્રમર મધ્યે નયન માંહી નજર સ્થિર જે કરી નાંખે,
અપાને પ્રાણુમાં સમતા બહિર્મુખ સૌ વિષય રાખે. ૨૭
મટયા ભય ક્રોધ ને ઇચ્છા જીત્યા મન, અંગ, મતિ, વાણી
મુની એવા મુમુક્ષુ તે સદાએ મુક્ત લ્યો જાણી. ૨૮

મહેશ્વર સર્વ લોકોનો તથા તપ યજ્ઞ ગ્રહનારો,
હૃદય મુજને જાણે સહુનો મુની તે શાંતી વરનારો.' ૨૯

૬ો—આત્મ સંયમ યોગ.

શ્રીકૃષ્ણ–"ક્રિયા, અગ્નિ ન જો રાખે, ન જાણો યોગી તે વ્યક્તિ,
ખરો યોગી કરે કર્મો તજી ફળનીજ આશક્તિ. ૧
નહિ તે યોગી થઇ શકતો ન જે સંકલ્પ તજનારો,
કથે 'સંન્યાસ' જગ જેને પરંતપ! યોગ તે ધારો. ૨
સુપદ યોગીતણું ગૃહવા જગતમાં કર્મ સાધન છે,
ગૃહે છે જ્ઞાન, શમ, દમથી થયો યોગસ્થ તે જન છે. ૩
મનુષ્યો દેહના વિષયો અને કર્મે ન જોડાતો,
તજે સંકલ્પ સહુ ઉરના પુરૂષ તે યોગી કહેવાતો. ૪
"મનજ છે માનવી કેરૂં સખાને શત્રુએ તેથી,
કરો ઉદ્ધાર એ મનથી સ્વનાશજ ના કરો એથી.' ૫
જીત્યું મન તે સખા જેવું પુરૂષને પાર્થ! સંસારે,
જીતાયું હોય ના મન તો ગરજ શત્રુ તણી સારે. ૬
સુખે, દુખ, માન, અપમાને જીતી મન શાંત રહેનારો,
સમાનજ ઉષ્ણુતા, થંડી પ્રભુ તેની સમિપ ધારો. ૭
શિલા, માટી, કનક સરખાં જીતેન્દ્રીય, તૃપ્ત જે જ્ઞાને,
કથાયે યોગ આરૂઢ તે અડગ છે આત્મ અભિમાને. ૮
સખા, શત્રુ, ઉદાસીન ને અપાપી, પાપીઓ જેને,
સમાનજ સર્વજન, બંધુ કહું છું શ્રેષ્ઠ હું તેને. ૯
તજી સંગ્રહ અને આશા, નિયમમાં રાખી ચિત, કાયા,
થવું પ્રવૃત્ત યોગીએ ગૃહી એકાંતની છાંયા. ૧૦
પવિત્રજ સ્થાનમાં દર્ભે મૂકી મૃગચર્મ સુખકારી,
બિછાવી તે પરે વસ્ત્રો પરમ એકાગ્રતા ધારી. ૧૧

ક્રિયા ચિત, અંગની ખાળી મનોનિગ્રહ સદા કરવો,
હૃદયની શુદ્ધિને માટે મનુષ્યે યોગ આદરવો. ૧૨
અચળ-સ્થિર દેહ, શિર કરવાં દિશાથી દૃષ્ટિને વારી,
ધનંજય! નાશીકા અગ્રે નજર દ્રઢતા વડે ધારી. ૧૩
ધરી મન, ચિત્ત મુજ માંહી વિષયમાં ના જવું વહીને,
અભય થઇ શાંત મારામાં પરાયણ બેસવું થઇને. ૧૪
સદા મન રાખતો મુજમાં ધરે જે ચિત્તમાં દ્રઢતા,
પરમ નિર્વાણની શાંતી ખરા તે યોગી મેળવતા. ૧૫
અતિ ઉંઘતા ન લે નિદ્રા, ઘણું ખાતો, નિરાહારી,
શકે નહિ એ પુરૂષ સાધી જગતમાં 'યોગ' સુખકારી. ૧૬
સમાનજ ખાન પાને જે કરે સહુ કર્મ તન મનનાં,
સમાનજ જાગતા, નિદ્રા હણે દુખ 'યોગ' તે જનનાં. ૧૭
કરી વશ યોગથી ચિતને સદા આત્મા વિષે વાળે,
ગણાયે યુક્ત આત્માથી વિષયની જે સ્પૃહા ખાળે. ૧૮
કરીને યોગ આત્માનો સદા દૃઢ ચિત્ત જે થાયે,
'અનિલ નહિ ત્યાં દીપક સ્થિર છે' પુરૂષ સ્થિર તેમ કહેવાયે. ૧૯
થયું સ્થિર ચિત્ત યોગેથી સ્વચિંતન સર્વથા ટાળે,
હૃદયથી દેખી આત્માને ખરૂં સુખ દેહીમાં ભાળે. ૨૦
નહિ અંગો શકે જાણી પરંતુ બુદ્ધિ પરમાણે,
થઈ સ્થિર ના ચળે યોગી અપારજ આત્મ સુખ જાણે. ૨૧
સ્થિતિ પામ્યા પછી તેવી બીજા સહુ તુચ્છ સુખ ભાખે,
પડે પરિતાપ તે સમયે અડગ દૃઢતા દીલે રાખે. ૨૨
મળે દુખ ના ગણે તોયે સ્થિતિ એ 'યોગ' તે સાચો,
મલિનતા ચિત્તથી છાંડી રહી દઢ યોગને રાચો. ૨૩
ચહે જે યોગ, 'સંકલ્પે થતી ઇચ્છાજ પરહરવી,'
ધનંજય! મન વડે સઘળી નિયમમાં ઇન્દ્રિયો કરવી. ૨૪

વિનયી, ધીર બુદ્ધિથી મનને વિનાશી વસ્તુથી ખાળે,
ન ચિંતન અન્યનું કરતાં હૃદય કિરતારમાં વાળે. ૨૫
ચલિત, અસ્થિર, વિષય મનથી સ્મરી જે યોગને છોડે,
કરી મન મુક્ત વિષયોથી સદા નિજ આત્મમાં જોડે. ૨૬
અતિ મન શાંતતાવાળું રજો ગુણ ના રહ્યો જેને,
અપાપી-બ્રહ્મરૂપ યોગી મળે છે આત્મ સુખ તેને. ૨૭
તજીને પાપ પુણ્યોને સદા મન આત્મમય કરતો,
કરીને બ્રહ્મ અનુભવ તે પરમ સુખ સર્વ મેળવતો. ૨૮
થયો જે યુક્ત યોગે તે ધરે સર્વત્ર સમદૃષ્ટિ,
સકલમાં દેખતો નિજને અને નિજમાં બધી સૃષ્ટિ. ૨૯
જગત મુજમાં રહ્યું ભાળે મને સર્વત્ર જોનારો,
નથી હું ભિન્ન તેનાથી ન તે મુજથી જુદો ધારો. ૩૦
મને બ્રહ્માંડ વ્યાપીને પુજી કર્મે પ્રવર્તે છે,
કરે સહુ કાર્ય તે યોગી છતાં મુજમાંજ વર્તે છે. ૩૧
સકલ પ્રાણી પદાર્થોને પડે સુખ શોક નિજ જેવા,
ગણે છે એમ જે યોગી કહ્યા મેં શ્રેષ્ઠજન તેવા." ૩૨
અર્જુન-"સરળતાથી કથ્યો આપે, પ્રભો! આ યોગ મુજ સારૂ,
ચલિત મનને લીધે દૃઢ એ રહે નહિ એમ હું ધારૂં." ૩૩
શ્રી કૃષ્ણ-"ચળાવે ઇંદ્રિયો એવું, પ્રબળ દૃઢ મન પ્રમાણું છું,
અનિલવત તે જીતી લેવું મહાશ્રમ સાધ્ય જાણું છું. ૩૪
કઠીન મન સાધવું એ છે નહિ સંશય જરાયે છે,
છતાં વૈરાગ્ય, અભ્યાસે અડગ મન તે જીતાયે છે. ૩૫
અસાધ્યજ યોગ છે તેને નહિ મન જે શકે મારી,
જીતી મનનેજ પુરૂષાર્થી શકે છે યોગ ઉર ધારી." ૩૬
અર્જુન:-"ચલિત મનથી, ચળ્યો યોગે, છતાં શ્રદ્ધા દિલે જામે,
મળે ના પૂર્ણતા યોગે પુરૂષ તે શી દશા પામે? ૩૭

સ્થિતિ પામ્યા વિના યોગે અતિ મૂઢ બ્રહ્મ અભ્યાસે,
ઉભય જગથી વિમુખ જનતે છુટો થઇ અભ્રવત નાશે ? ૩૮
પ્રભો ! છેદો કૃપાથી આ થયો સંશય હવે મારે,
વિકટ એ ભેદ હણુનારો ન તમ વણુ કોઇ સંસારે.” ૩૯
શ્રી કૃષ્ણુઃ–“મળેના દુર્દશા તેને કરે જે કાર્ય શુભ જાણી,
ધનંજય ! આ ઉભય લોકે ન પામે નાશ તે પ્રાણી. ૪૦
મળે છે પુણ્યવંતાને પરમ સ્થળ તે પુરૂષ લે છે,
રહી સ્વર્ગે, ધનીક કુળમાં સુજન થઈ તેજ જન્મે છે. ૪૧
ધીમત્, યોગી તણાં કુળમાં અગર તે દેહ લે ધારી,
દશા એ પાર્થ ! સંસારે અતી દુર્લભ અને સારી. ૪૨
હતી પૂર્વાશ્રમે બુદ્ધિ ધનંજય ! તે ફરી પામે,
અધુરો યોગ છે ત્યાંથી ફરી અભ્યાસમાં જામે. ૪૩
વળી તે પૂર્વ અભ્યાસે પુનઃ યોગેજ પ્રેરાયે,
પિપાસુ યોગનો જન તે પરમ પદને તરી જાયે. ૪૪
ધરી બહુ યત્ન, અભ્યાસે નહિ જે પાપમાં ભળશે,
અધિક જન્મો ધરી યોગે થઇ રૂઢ મોક્ષ મેળવશે. ૪૫
તપસ્વી, કર્મરતઃ, જ્ઞાની, બધાથી શ્રેષ્ઠ છે યોગી,
બની જા પાર્થ ! તું તેથી ખરેખર યોગ ઉપભોગી. ૪૬
ધરી મારા વિષે શ્રદ્ધા સદા મુજનેજ ભજનારો,
બધા યોગી વિષે તેને ધનંજય ! મેં ગણ્યો સારો.” ૪૭

અધ્યાય ૭ મો—જ્ઞાન યોગ.

શ્રી કૃષ્ણુઃ–“રહી મુજ આશ્રયે મુજને, ભજીને યોગ ધારેથી,
તજી સહુ ભેદ સમજીશ તું મને કેવા પ્રકારેથી. ૧
અને વિજ્ઞાન સહ સઘળું કહું હું જ્ઞાન તે લેશે,
પછી ના જાણુવું બાકી તને જગમાં કશું રહેશે. ૨

કરે છે જ્ઞાન સિદ્ધિમાં હજારે યત્ન કો પ્રાણી,
અને તે સિદ્ધમાંથીએ વિરલ મુજને શકે જાણી. ૩
ભૂમિ, જળ, ગર્વ, નભ, અગ્નિ, ધી, મન, વાયુ ધનુધોરી !
બધા એ આઠ ભેદોની બની છે પ્રકૃતી મારી. ૪
કનીષ્ઠજ પ્રકૃતી આ છે. હવે જે વિશ્વને ધારે,
સુણો એ પ્રાણ રૂપ પર છે બીજી સારી સ્થિતિ મારે. ૫
બધા ભૂત જન્મ છે પામ્યા ઉભય એ પ્રકૃતિમાંથી,
પિતાએ સર્વ જગનો હું પ્રલય પણ થાય મારાથી. ૬
હશે કૈ શ્રેષ્ઠ મારાથી નથી બ્રહ્માડમાં એવું,
જગત મુજમાં પરોવાયું મણિ સુત્રે રહે તેવું. ૭
'પ્રણવ' વેદો વિષે હું છું નરે 'પુરૂષત્વ' 'રસ' જળમાં,
નભે રૂપ 'શબ્દ' છે મારૂં 'પ્રભા' હું ચંદ્ર રવિસ્થળમાં. ૮
અનલમાં 'તેજ' 'તપ' ઋષિના ધરામાં 'ગંધ' જે સારી,
'જીવન' સહુ પ્રાણીમાં છે તે ધનંજય ! પ્રકૃતી મારી. ૯
સકલ પ્રાણી પદાર્થોનું 'સનાતન તત્વ' હું જાણો,
ધીમત્ તેજસ્વીની 'શક્તિ' સ્વરૂપ તે મારૂં પરમાણો. ૧૦
રહિત કંદર્પ, રાગેથી રહ્યું બળવંતમાં 'બળ' જે,
ભુતોના ધર્મ અનુકુળતે 'મદન' રૂપ મારૂં નિશ્ચળ છે. ૧૧
ત્રિગુણ ભાવો અને વસ્તુ બધા મુજથી સૃજાયા છે,
ન તેમાં હું વસ્યો છું, તે બધા મુજમાં સમાયા છે. ૧૨
ત્રિગુણ ભાવો પદાર્થો તે જગતને મોહમાં તાણે,
ન તેથી જન્મ મૃત્યુથી રહિત રૂપ મારૂં કો જાણે. ૧૩
કઠીન તરવી પડે મારી જગતને પાર્થ ! આ માયા,
તરે છે તેજ મુજ ચર્ણે સમર્પે પ્રાણ, મન, કાયા. ૧૪
કરે દુષ્કર્મ મુઢ, નીચને હરાયું જ્ઞાન માયાથી,
ન પામે એ મને પાપી અધમ ભાવો નઠારાથી. ૧૫

દુખી, જીજ્ઞાસુને જ્ઞાની પદાર્થોમાંજ આશક છે,
ચતુર્વિધ પુણ્યશાળી એ બધા મારા ઉપાસક છે. ૧૬
સકલમાં ભક્તને જ્ઞાની મને ભજનાર છે સારો,
હું પ્રિય અત્યંત જ્ઞાનીને અને જ્ઞાની મને પ્યારો. ૧૭
મનુજ એ શ્રેષ્ઠ છે સર્વે પરંતુ જ્ઞાનનો સ્નેહી,
મને ઉત્તમ ગણી મુજમાં રહે દૃઢ તેજ મમ દેહી. ૧૮
ઘણાં જન્મો પછી જ્ઞાની મને એ પામનારો છે,
જગત જે વિષ્ણુમય જાણે મહદ્જન તેજ સારો છે. ૧૯
વિવિધ કૈં કામનાઓથી ભજે છે અન્ય જે દેવો.
બની નિજ પ્રકૃતિ તાબે નિયમ તેવા ગૃહે તેઓ. ૨૦
ધનંજય ! એ રીતે જેઓ ધરી શ્રદ્ધા પુજે જેને,
અચળ શ્રદ્ધા હું અર્પું છું જરૂર તે દેવ પર તેને. ૨૧
મનુજ શ્રદ્ધાળુ થઇ પોતે પછી જે દેવ આરાધે,
કર્યા નિર્માણ મેં વિષયો જરૂર તે ત્યાં થકી સાધે. ૨૨
ચલિત ફળ, નેં મતિ ન્યુન છે બધા ફળ સાધનારામાં,
પુજક દેવોતણા દેવે વસે મુજ ભક્ત મારામાં. ૨૩
પરમ, ઉત્તમ, અમર, મારો ન જાણે ભાવ જે પ્રાણી,
મને અવ્યક્તને પ્રકટયો મહા મુઢ એમ લે જાણી. ૨૪
છવાયા યોગ માયાથી નહિ મુજને જનો દેખે,
અને તે જન્મ મૃત્યુથી રહિત મુજને નહિ લેખે. ૨૫
સકળ પ્રાણી પદાર્થો જે ત્રણે કાળે થયા, થાશે,
હું જાણું સર્વ પણ મુજને ન કોથી પાર્થ ! નિરખાશે. ૨૬
ઉપજતાં દ્વંદ સુખ દુખના ધનંજય ! દ્વેશ, ઇચ્છાથી,
ચળીને ઇષ્ટ નિશ્ચયમાં ભ્રમિત જન થાય તેનાથી. ૨૭
ધરી દૃઢવૃત સદા મોહથી ધનંજય ! જે નિરાળો છે,
રહિત થૈ પાપથી ભજતો મને તે પુણ્યવાળો છે. ૨૮

જરાને મૃત્યુથી છુટવા સવેળા છાંય મુજ ધારે,
સમજતો બ્રહ્મકર્મો તે તથા અધ્યાત્મ સંસારે. ૨૯
મને 'અધિદૈવ' 'અધિભૂત 'ને વળી 'અધિયજ્ઞ' જે માણે,
પરોવી ચિત્ત તે મુજમાં મને પામી મને જાણે." ૩૦

અધ્યાય ૮ મો—અક્ષર બ્રહ્મયોગ.

અર્જુનઃ–"પ્રભો ! અધિદેવ, અધિભૂતને, કહો અધ્યાત્મ તે શાને?
તથા શું બ્રહ્મ કે'વાયે હૃદય તે મારૂં નવ જાણે. ૧
વળી અધિયજ્ઞ શું દેહે શું તેનો ધર્મ કાયાથી?
જીત્યું ચિત અંત કાલે તે તમોને જાણતો શાથી?" ૨
શ્રી કૃષ્ણઃ–"અમર જે બ્રહ્મના ભાવો, બધા અધ્યાત્મ લ્યો ધારી,
અને તે 'કર્મ' જે કૃત્યો ભુતોત્પાદક, પ્રલયકારી. ૩
ધનંજય ! તે અધીભૂત છે અમર દેહે ન જે કાંઈ,
અધીદૈવત કહ્યો દેહી અને અધિયજ્ઞ હું ભાઈ.! ૪
નિધન કાળે મનુષ્યો જે કરી મારૂં સ્મરણ મરતા,
ન સંશય પાર્થ તે ! સઘળા પરમ રૂપ મારૂં મેળવતા. ૫
મનુષ્યો તેમને પામે નિધન કાળે સ્મરે જેને,
જીવનમાં ભાવના તેવી સદા એ હોય છે તેને. ૬
સદાકાળે સ્મરી મુજને ઉભો થા પાર્થ ! સંગ્રામે,
મુકી મન બુદ્ધિ મારામાં અસંશય તું મને પામે. ૭
નહિ ચિત્ત અન્યમાં જેનું રહે રતઃ યોગ અભ્યાસે,
પરમ દૈવી પુરૂષમાં તે મને સ્મરનાર જૈ વાસે. ૮
અનાદિ સુક્ષ્મતર શાસક અને સર્વજ્ઞ રવી જેવો.
સ્મરે છે જ્ઞાનીઓ સઘળા અકલ્પીત તે પુરૂષ એવો, ૯
ભ્રમર મધ્યે રહે ખેંચી સદા જીવ યોગ ભક્તિથી,
પુરૂષદૈવી અચળ મનથી પમાચે તેજ વ્યાક્તથી. ૧૦

પુજે છે બ્રહ્મચર્યે કે, કહે વેદજ્ઞ 'અવિનાશી',
પ્રવેશે છે યતિ જેમાં કથું તે ધર્મ અભ્યાસી.! ૧૧
ધરીને તાળવે જીવને અને મન અંતરે વાળી,
બની સ્થિર યોગ જે લે છે શરીરના દ્વાર સહુ ખાળી. ૧૨
પછી બ્રહ્માક્ષરી વાણી સ્મરીને 'ઓમ' મરનારો,
મને અંતે ભજે છે તે પરમપદ પ્રાપ્ત કરનારો. ૧૩
નહિ ચિત અન્યમાં રાખે મને સ્મરવા બને ઘેલો,
ધનંજય! યોગી એવાને મને મેળાવવો સ્હેલો. ૧૪
પરમ સંસિદ્ધિ પામેલા વસે છે સર્વ મુજધામે,
ચલિત દુખશોક રૂપ જન્મો ફરી તેઓ નહિ પામે. ૧૫
સકળ બ્રહ્માંડના લોકો પુનઃ જન્મો બધા ધારે,
મને પામ્યા પછી જન્મો ન એવાં કાંઇ સંસારે. ૧૬
હજારજ યુગતણી રજની દિવસ બ્રહ્મા તણો જાણે,
મનુષ્યો, સર્વ રીતનાં તે દિવસને રાત્રી પરમાણે. ૧૭
ઉપજતી સુક્ષ્મ તત્વેથી બધી વ્યકિત દિવસ[1] થાયે,
અને [1]રજની થતાં પાછો વિલય તેમાંજ થઇ જાયે. ૧૮
થતાં [1]રજની બધા ભુત આ બની પરવશ વિલય થાશે,
દિવસ[1] આવે ભૂતો પ્રકટે અનુક્રમ એમ સમજાશે. ૧૯
પરમને સુક્ષ્મથી પર જે સનાતન તત્વ છે ભારે,
કદાપિ નાશ નહિ તેનો પ્રલય ભુતનો બને ત્યારે. ૨૦
અમર અવ્યકત તત્વજ એ પરમગતિરૂપ અને સારૂ,
ગૃહી તેને ન જીવ જન્મે પરમ એ શ્રેષ્ઠ સ્થળ મારૂં. ૨૧
પરમ એ ધામમાં સઘળા વસ્યા ભૂત દૈવી શકિતથી,
અને એ તત્વ ભુત માંહી રહ્યું છે શુદ્ધિ ભકિતથી. ૨૨
વિદેહી, યોગી નવ જન્મે મરેલા જન્મ લે જ્યારે,
હવે તે કાળને માટે તને કહેવું ઘટે મારે. ૨૩

૧ બ્રહ્માનો દિવસ તથા રાત્રી.

છ માસો ઉત્તરાયણના, અનળ, દિન, અગ્નિને તેજે,
તજે તન બ્રહ્મવિદ જન તે ગૃહે પદ બ્રહ્મનું સ્હેજે. ૨૪
નિશા, ધુમ, કૃષ્ણ પક્ષોને, છ માસો દક્ષિણાયનના,
તજે તન ચંદ્ર જગ માંહી થવાના જન્મ તે જનના. ૨૫
જગે 'શુકલા' અને 'કૃષ્ણા' ગતિ બે પાર્થ ! કહેવાયે,
પ્રથમ ગતિએ નહિ જન્મો બીજીથી જન્મ બહુ થાયે. ૨૬
ગતિ જાણે યથાર્થજ આ નમોહે યોગી જે વ્યક્તિ,
સદા માટે ઉરે ભરીલે ધનંજય! યોગ અનુરક્તિ. ૨૭
તપે, યજ્ઞે અને વેદે તથા છે પુણ્ય જે દાને,
અને તે પુણ્યનું ફળ તે તરાયે પાર્થ ! આ જ્ઞાને.
ધનંજય ! જ્ઞાન આ સઘળું અહા ! જે યોગીમાં જામે,
સનાતન-વિશ્વ મુળભુત જે પરમ મહાધામ તે પામે." ૨૮

અધ્યાય ૯ મો—રાજવિદ્યા રાજ ગુહ્ય યોગ.

શ્રીકૃષ્ણ:—"કથું એ બે ગતિ કાજે હૃદય તુજ શુદ્ધ તે સારૂં,
મહા શુદ્ધ જ્ઞાન દઉં તેનું અશુભથી મુક્ત કરનારૂં. ૧
પુનીત, પ્રત્યક્ષ ને ઉત્તમ અમર, અતિ ગુપ્ત, પ્રિય મારૂં,
અને એ જ્ઞાન સુખદાઇ સકલ વિદ્યાથકી સારૂં. ૨
પરંતપ ! જ્ઞાન રૂપ ધર્મે પુરૂષ શ્રદ્ધા નહિ ધારે,
મને નહિ પામતા પાછા જનમતા તેજ સંસારે. ૩
રહી અવ્યક્ત આ સૃષ્ટિ કરી છે વ્યક્ત મેં ભાઈ !,
ભુતો મુજમાં સમાયા છે. સમાયો હું નથી કયાંહી. ૪
વળી નથી એ ભુતો મુજમાં તું જો મહા યોગ એ મારો,
પિતા ભુતનો છતાં મુજને નમાત્રજ તે વિષે ધારો. ૫
મહા, સર્વત્ર ફરનારો અનિલ છે ભવ્ય આકાશે,
ધનંજય ! તે પ્રકારેથી ભુતો મુજમાં બધા વાસે. ૬

અતો ક્ષય કલ્પનો સઘળા ભૂતો મુજમાં વિરામે છે,
ફરીથી કલ્પ પ્રારંભે હું થી તે જન્મ પામે છે. ૭
રહી મુજ પ્રકૃતિ તાબે સદા આશ્રય ગૃહે મારો,
પરમ સમુદાય આ ભુતનો નિરંતર હું જ સૃજનારો. ૮
ઉદાસીન થઇ કરૂં કર્મો ન રાખું લેશ આશક્તિ,
મને બંધન કરી શકવા નથી એ કર્મમાં શક્તિ. ૯
પરંતપ! પ્રકૃતિ મારી ચરાચર વિશ્વ સરજાવે,
અને એ હેતુથી જગને વિવિધ પ્રવૃત્તિઓ ભાવે. ૧૦
ભુતેશ્વર હું છતાં પર છું નથી કેં જાણી એ શકતા,
વશ્યો હું દેહમાં તેની અવજ્ઞા તે થકી કરતા. ૧૧
વૃથા છે જ્ઞાનને આશા વૃથા છે કર્મ તે જનનાં,
અસુરી પ્રકૃતિ તાબે રહ્યા જન જે દુષિત મનનાં. ૧૨
ગૃહીને પ્રકૃતિ દૈવી સુજન સઘળાં મને સ્મરતા,
ભુતોના આદી રૂપ મુજને અમર ગણીનેજ અનુસરતા. ૧૩
સતત કિર્તન, અડગ વૃતને મનો નિગ્રહ સદા સાધે,
સમર્પિ ચિત્ત મુજ માંહી મને તે વંદી આરાધે. ૧૪
અભેદાભાવથી, જ્ઞાને અને કંઇ દ્વૈત ભાવેથી,
પુજે છે વિશ્વ રૂપ મારૂં બીજા પણ કેં પ્રકારેથી. ૧૫
સ્વધા, ઔષધ, ક્રુતુ, અગ્ની, હવન, ધૃત સર્વ તે પણ હું,
ધનંજય! હું જ સંસારે ખરેખર મંત્ર પોતે છું. ૧૬
જગતનો હું પિતા માતા પિતામહ શ્રેષ્ઠ હું કર્ત્તા,
ત્રિવેદો, 'ઓમ' તે હું છું ધનંજય! હું જ છું ભર્તા. ૧૭
તથા જગની ગતિ, પાળક, પ્રભુ, સાક્ષી નિધાનજ હું,
સુહૃદ, અવ્યય, બીને આશ્રય, પ્રલય ઉત્પત્તિ સ્થાનજ હું. ૧૮
અસત્ સત્ મૃત્યુ ને અમૃત સલિલ આકર્ષનારો હું,
રવિરૂપથી તપી જળને પુનઃ વર્ષાવનારો હું. ૧૯

પીએ સોમાર્ક વેદજ્ઞો રહિત જે સર્વ પાપેથી,
પુજે છે યજ્ઞથી મુજને શકે લઇ સ્વર્ગને જેથી.
પુનીત જન ઇંદ્ર લોકે તે સરસ સુર ભોગ મેળવતા,
ફરી જન્મે જગતમાંહી કરેલા પુન્ય સહુ ટળતા. ૨૦
સકામજ કર્મ રૂપ ધર્મો કથ્યા ત્રણુ વેદના પાળે,
પડે જન કામના વાળા જનમને મૃત્યુ જંજાળે. ૨૧
ઉપાસે જે મને યોગી સદા મુજને અતિ સ્મરતો,
હું તેના યોગ-ક્ષેમોનું રહું નિત્યે વહન કરતો. ૨૨
પુજે જે અન્ય દેવોને પરમ શ્રદ્ધા અને ધ્યાને,
રહ્યા તે સૌ પુજી મુજને પરોક્ષજ પાર્થ! અજ્ઞાને. ૨૩
પ્રભુ, હું યજ્ઞનો ભોક્તા જગત મુજમાં વિરામે છે,
મને નહિ તત્વથી જાણે ફરી તે જન્મ પામે છે. ૨૪
ભુતો, પિતૃ અને દેવો તથા મારી પુજા કરતા,
પુજે જન ઇષ્ટ કહી જેને મનુજ તે ધ્યેય મેળવતા. ૨૫
કુસુમ, ફળ, પત્ર, જળ મુજને સમર્પે પૂર્ણ ભક્તિથી,
ધનંજય! હું સ્વિકારૂં તે દીએ નિજ યત્ન, શક્તિથી. ૨૬
તું; કર્મો, ભોગ, જે હોમે મને દે અર્પી તે માટે,
તથા તપ, દાન પણુ સઘળા કરે જે ધર્મની વાટે. ૨૭
શુભાશુભ કર્મ બંધનથી ટળી મુજને તું મેળવશે,
થઇ રતઃ યોગ સંન્યાસે વિષયથી તું સદા ટળશે. ૨૮
સમાનજ સર્વમાં હું છું પ્રિયાપ્રિય નામ ને કાંઇ,
વધારે ભક્ત મુજમાંહી અધીક હું ભક્તમાં ભાઇ! ૨૯
દુરાચારી પુરૂષ પણુ જો મને નિષ્ઠાથી ભજનારો,
અડગ તે નિશ્ચયી જનને રૂડો સાધુ સદા ધારો. ૩૦
બને તે શીઘ્ર સદ્દગામી અને પામે સદા શાંતિ,
ખરો તે ભક્તજન મારો ન પામે નાશ કે ભ્રાંતી. ૩૧

સ્ત્રીઓ, વૈશ્યો, અને શુદ્રો, પડયા નિચ યોનીમાં પાપે,
છતાં મુજ છાંય તે જનને પરમપદ મોક્ષને આપે. ૩૨
કથું શું ભક્ત, બ્રાહ્મણને પછી રાજર્ષિંઓ કાજે,
ચલિત દુખ લોક આ પામી હવે ભજ તું મને આજે. ૩૩
પુજન, વંદન અને ભક્તિ તથા મન દે મને ખંતે,
પરાયણ પાર્થ ! થઇ મુજમાં મને તું પામશે અંતે." ૩૪

અધ્યાય ૧૦ મો—વિભૂતિ યોગ.

શ્રી કૃષ્ણઃ-"ફરી સુણ શ્રેષ્ઠ મમવાણી ધરી તુજ શ્રેય અભિલાષા,
અતિ પ્રિય તું મને તેથી મને તુજ મોક્ષની આશા. ૧
પ્રભા મુજ ભાળવા રૂષિ કે ન ચાલે કાંઇ સુરગણનું,
હું દેવો ને મહર્ષિંનું ધનંજય ! આદી કારણ છું. ૨
અજન્મા ને અનાદિ હું મહેશ્વર રૂપ મને જાણે,
ટળે પાપો સકળ તેના ન તેને મોહ પણ તાણે. ૩
ક્ષમા, નિર્મોહ, સુખદુખને અભય, ભય, બુદ્ધિ, ઉત્પત્તિ,
સ્થિતિ, શમ, જ્ઞાન, દમ, સઘળું તથા સત્યાદિ જે વૃત્તિ. ૪
અહિંસા, દાન, તપ, સમતા, ઉપજતાં ભાવ ઉર જેથી,
યશાયશ, તુષ્ટતા જનમાં થતી મારા સ્વભાવેથી. ૫
મહર્ષિં, સાત મનુ સઘળા કુમારો ચાર સનકાદિ,
થયા મમભાવથી જેથી થઇ જગની પ્રજા આદિ. ૬
વિભુતિ યોગ એ મારો યથાર્થજ જે સમજનારો,
બને છે યુક્ત મારામાં નહિ સંશય જરા ધારો. ૭
સકલ ઉત્પત્તિ મુજથી ને હુંથી છે વિશ્વપ્રવૃતિ,
ધીમાનો યુક્ત થઇ મુજમાં સદા મારી કરે ભક્તિ. ૮
દઇ મન, પ્રાણ મારામાં પરસ્પર બોધ મુજ દે છે,
કથન મારૂં કરી તુષ્ટિ અને આનંદ તે લે છે. ૯

મને, જે યુક્ત થઈ મુજથી પ્રિતિ રાખી સદા સ્મરતા,
હું દઉં છું યોગબુદ્ધિનો મને તે તેથી મેળવતા. ૧૦
રહ્યો દેહી રૂપે હું જે પુરૂષના જ્ઞાનને સારૂં,
ઉજાળી જ્ઞાન રૂપ તેનું સકળ અજ્ઞાન સંહારૂં". ૧૧
અર્જુનઃ-"અજન્મા, નિત્ય ને દૈવી તમે બ્રહ્માંડ સ્થાપક છો,
પરમ સ્થળ ને પુરૂષ આદિ તમે બ્રહ્માંડ વ્યાપક છો. ૧૨
અસિત, નારદ અને દેવલ તથા મુનીવ્યાસ પણ જેવું,
કથે છે આપને જેવા કથ્યું આજે તમે તેવું. ૧૩
ન જાણે દેવ કે દૈત્યો પ્રકટ રૂપ નાથ ! આ તારૂં,
કથો છો આપ જે વચનો બધા હું સત્ય તે ધારૂં. ૧૪
ભુતોત્પાદક ! નરાધીપ હે ! જગાધિશ ! દેવના સ્વામી !
તમે તમને શકો જાણી બીજો જાણે ન સુખધામી ! ૧૫
તમે દૈવી વિભુતીથી રહ્યા છો જગતમાં વ્યાપી,
કથન તેનું બધું કરવા સમર્થજ આપ નિષ્પાપી. ૧૬
કહો કેવી રીતે ધ્યાને તમોને જાણીને સ્મરવું,
તમારૂં શા પ્રકારેથી સ્તવન મારે સદા કરવું. ૧૭
તમારો યોગ વિભુતિનો કહો તમ વાકય-ધારાથી,
ન પામું તૃપ્તી હું વચનો સુણું તો એ તમારાથી." ૧૮
શ્રીકૃષ્ણઃ-"વિભુતી દિવ્ય જે મારી કથું અતિશય વધારે છે,
નથી મારી પ્રભુતાનો કશો છેડો લગારે છે. ૧૯
ભુતોના અંતને આદી તથા અંતેજ હું પોતે,
અને ભુતના હૃદય માંહી વસ્યો છું પ્રાણ રૂપજ્યોતે.[1] ૨૦
હું આદિત્યો વિષે 'વિષ્ણુ' 'રવિ' સહુ જ્યોતિમાં ભાઇ !
મરૂતોમાં 'મરીચી' હું 'શશી' નક્ષત્ર સૌ માંહી. ૨૧
સ્વરૂપ મુજ 'ઇંદ્ર' દેવોમાં ભુતોમાં 'દિવ્યચેતન' હું,
વસ્યો છું 'સામ' વેદે હું અને ઇંદ્રિય વિષે 'મન' હું. ૨૨

૧ જ્યોતે-જ્યોતમાં-જ્યોત રૂપે

'કુબેર'જ યક્ષ ને દૈત્યે હું 'શંકર' સર્વ રૂદ્રોમાં,
વસુમાં 'અગ્નિ' તે હું છું અને 'મેરૂ' ગિરિઓમાં. ૨૩
'બૃહસ્પતિ' હું પુરોહિતમાં સરોવરમાંહી 'સાગર' છું,
અને સેનાની સર્વેમાં ધનંજય! 'સ્કંધ' તે નર હું. ૨૪
તથા 'જપ યજ્ઞ' હું યજ્ઞે 'હિમાલય' જડ નિશાનીમાં,
'ભ્રગુ' છું હું મહર્ષિમાં અને 'ઓમ્'કાર વાણીમાં. ૨૫
બધા દેવર્ષિમાં 'નારદ' તરૂમાં 'પિંપળો' જાણો,
ગંધર્વે 'ચિત્રરથ' સિદ્ધે 'કપિલ'મુનિજ પરમાણો. ૨૬
હું અશ્વે છું 'ઉચ્ચૈશ્રેવા' નરોમાં 'નૃપ' મને ધારો,
ગજે છું હુંજ 'ઐરાવત' જનમ સાગરથકી મારો. ૨૭
વળી હું 'વજ્ર' હથિયારે 'પ્રજનકંદર્પ' હું કામે,
છું ગાયે 'કામધેનુ'ને હું સર્પે 'વાસુકી' નામે. ૨૮
હું નાગે 'શેષ' 'જળચરનો 'વરૂણ' હુંજ શ્રેયકર ભાઈ!
હું પિત્રે 'અર્યમા' જાણો અને 'યમ' સંયમી માંહી. ૨૯
પશુમાં 'કેસરી' હું ને 'ગરૂડ' પક્ષી બધાઓમાં!
અને હું 'કાળ' છું પોતે તથા 'પ્રહલાદ' દૈત્યોમાં, ૩૦
પ્રવાહે 'જાહ્નવી', મત્સ્યે 'મગર', હું 'રામ' અશીધરમાં.
'અનીલ' તે હુંજ છું પોતે સકળ વસ્તુ પુનીતકરમાં. ૩૧
સકળ અધ્યાત્મમાં મારૂં સ્વરૂપ 'વિદ્વાનની વાણી.'
સ્થિતિ, ઉત્પત્તિ, લય ત્રણનો સ્વભાવજ લ્યો મને જાણી, ૩૨
સમાસે 'દ્વંદ્વ' રૂપ મારૂં 'અ' કારજ અક્ષરો માંહી.
હું છું સર્વત્ર મુખવાળો અમર પણ 'કાળ' હું ભાઈ! ૩૩
ક્ષમા, ને ધૈર્ય, સુંદરતા ધી, કિર્તિ, ને સ્મરણ શક્તિ,
પ્રલય કર મૃત્યુ, ભાવીમાં થનારાની, હું ઉત્પત્તિ. ૩૪
સહુ છંદે હું 'ગાયત્રી' હું મંત્રે છું 'બૃહત્સામે',
ઋતુમાં હું 'વસંત' જ છું હું મહિને 'માર્ગશિર' નામે. ૩૫

કવિમાં 'શુક્ર' હું પોતે તથા છું 'પાર્થ' પાંડવમા,
મુનીમાં 'વ્યાસ' રૂપ મારૂં અને છું 'કૃષ્ણ' યાદવમા. ૩૬
'પ્રભા' હું તેજવાનોની જુગારો સર્વમાં 'દ્યુત' હું,
હું જય, ઉદ્યમ હું, ને નરમાં વસ્યુ તે 'સત્વ' અચ્યુત હું. ૩૭
જીતેન્દ્રિયમાં 'નીતિ' હું છું અને જે 'જ્ઞાન' જ્ઞાનીમાં,
હું 'શિક્ષા' સર્વ શાસકમાં, અને છું 'મૌન્ય' વાણીમાં. ૩૮
સકલ ભુતનું 'પરમબીજ' હું વળી ચૈતન્ય, જડ કાંઈ,
રહ્યું 'અસ્તિત્વ' જે ત્યાં તે સ્વરૂપ મુજ એજ છે ભાઈ! ૩૯
ન છેડો આ વિભુતિનો અધીક નહિ હું કથું એથી,
જરૂર પુરતું કહ્યું તુજને તને ઉપયોગનું તેથી. ૪૦
વળી ઐશ્વર્ય, સુંદરતા તથા બળ, તેજમય જેઓ,
બધા મુજ અંશથી જન્મ્યા ગણો રૂપ મારૂં છે તેઓ. ૪૧
અધીક સહુ વસ્તુઓ આવી તું જાણે લાભ શું તેથી !?
જગત ધારી રહેલો હું બધું મુજ એક અંશેથી." ૪૨

અધ્યાય ૧૧ મો—વિશ્વરૂપદર્શનયોગ.

અર્જુન:—"પરમ અધ્યાત્મજ્ઞાનેથી ભરી વચનો કહ્યા આપે,
તુટયો છે મોહ મમ તેથી થયો હું મુક્ત સંતાપે. ૧
જીવો સહુની તમારાથી સુણી મેં નાશ, ઉત્પત્તિ,
તમારી સાંભળી સઘળી અમરતા ને મહદ શક્તિ. ૨
તમારી દિવ્ય કાયાનું પ્રભો ! વર્ણન કર્યું જેવું,
હૃદયથી ભાળવા ઇચ્છું સ્વરૂપ હું આપનું તેવું. ૩
નિહાળી જો શકું તમને અને મારા મટે પાપો,
અમર તમ દેહનું મુજને જરૂર દર્શન હવે આપો." ૪
શ્રીકૃષ્ણ:—"જુદા દૈવી પ્રકારોને અનંતજ આકૃતીવાળો,
હજારો આ રૂપો મારા સુખેથી પાર્થ ! તે ભાળો. ૫

મરૂત, વસુ, રૂદ્ર, આદિત્યો અસંખ્યજ અશ્વિની દેખો,
તથા આશ્ચર્ય આ સઘળાં પરમ આનંદથી પેખો. ૬
જગત એકત્ર છે સઘળું નિહાળો પાર્થ ! મમ દેહે,
તથા જે અન્ય ઇચ્છે તે ખુશીથી જો સદા સ્નેહે. ૭
જુએ ઐશ્વર્ય યોગોનું નયન દૈવી દઉં તેથી,
ન એ રૂપ દેખવા શક્તિ તને આ ક્ષુદ્ર આંખેથી.” ૮
સંજય–“કહી એવાં વચન કૃષ્ણે પછી દેખાડી નિજ કાયા,
નિહાળી પાર્થ ! એ રૂપને હ્રુદયમાં ખૂબ ગભરાયા. ૯
મહા અદ્ભુત સ્વરૂપ, અતિશે નયન, મુખને અલંકારો,
ઉગામ્યા આયુધો કરમાં પ્રબળ તેજસ્વી તે ધારો. ૧૦
સજ્યા વસ્ત્રો અને માળા પરમ આશ્ચર્ય, ભરપુરને,
અપારજ તેજ, અતિ ચંદન ઘણાં મુખ દિવ્ય એ ઉરને. ૧૧
હજારો સૂર્ય આકાશે કદી સાથેજ પ્રકટાવે,
પરમ એ તેજથી ત્યારે પ્રભા પ્રભુની મળી આવે. ૧૨
વિભક્તજ દેહ છે જેની અને જે દેવના સ્વામી,
પ્રભુના એક ભાગે છે જગત એ જોયું શીર નામી. ૧૩
રૂવાટાં છે ઉભા ઉરના પછી વિસ્મિત બની ભારે.
નમી બે હાથ જોડીને વચન અર્જુન વધો ત્યારે.” ૧૪
“ચળાચળ ભુત સમુહ સર્પો સ્વરૂપ દેવો રૂષિવાળું,
કમળના આસને બ્રહ્મા નિયંતા સર્વના ભાળું. ૧૫
ન આદી, મધ્ય પણ પેખું નથી છેડો હવે જેને,
સ્વરૂપ નહિ અંત, બહુ બાહુ ઉદર, ભુજ, નેત્ર, બહુ તેને. ૧૬
અનળ ને સૂર્યસમ કાંતી મુકુટ ચક્રો ગદાધારી,
પ્રકાશીત સર્વ બાજુથી નયન નીરખી રહે હારી. ૧૭
નિધાનજ વિશ્વના અવ્યય અમર, શાશ્વત, પરમ ભાસે,
અનાદી ધર્મ ગોપ્તા ને સ્વરૂપ તમ યોગ અભ્યાસે. ૧૮

રહિત મધ્યાંત આદીથી અનંતજ બાહુબળવાળા,
તપે જગ સૂર્ય શશી નેત્રે મુખે છે અગ્નિની જ્વાળા. ૧૯
તમે છો અંતરીક્ષે ને દિશા સહુ સ્વર્ગ સૃષ્ટિમાં,
ત્રિલોકો કંપતા રૂપ એ નિહાળી અલ્પ દષ્ટિમાં. ૨૦
પ્રવેશે આપમાં દેવો સ્તુતી ભયગ્રસ્ત થૈ કરતા,
મહર્ષિ, સિદ્ધ 'જય થાઓ' વદી તમને સદા સ્મરતા. ૨૧
મરૂત, વસુ. રૂદ્ર, આદિત્યો અસુર ને સિદ્ધ, યક્ષાદિ,
રવિતન, વિશ્વ દેવોને બધાએ સાધકો આદી. ૨૨
જુએ વિસ્મિત બની સિદ્ધો અતિ મુખ નેત્રભુજ ધારી,
ઉદર સહુ પાપ ને દંતો વ્યથા કર દેહ ભયકારી. ૨૩
પ્રભો! નભસ્પર્શી આ કાયા પ્રકાશીત ચક્ષુ મુખવાળી,
ધીરજ, શાંતી મટે ભયથી શકું તે દેહ કેમ ભાળી! ૨૪
પ્રલય–અગ્નિ સમા મુખમાં દીસે છે દાઢ ભયકારી,
હું કયાં છું તે નહિ જાણું કૃપા કર કૃષ્ણ! ગિરિધારી. ૨૫
બધા નૃપ, કર્ણ, કૌરવને સુભટ મમ યુદ્ધ વેશે છે,
મહાવીર, ભિષ્મ, દ્રોણાદિ તમારામાં પ્રવેશે છે. ૨૬
ભયાનક દાઢમય મુખમાં ત્વરાથી તે ધસી જાયે,
પડયા જે દંતમાં તેના શરીર સૌ ચુર્ણ નિરખાયે. ૨૭
નદી, જળ સાગરો પ્રત્યે વહે છે ને સદા વહેશે,
તમારા પ્રજ્વલિત મુખમાં મહાવીર વિશ્વના પેશે. ૨૮
દીપકમાં વેગથી પડતા પતંગો નાશને સાટે,
જગત પણ આપના મુખમાં પડે નિજ હ્રાસને માટે. ૨૯
જગત સહુ ભેરથી ભક્ષી પ્રખર મુખથી પ્રજાળો છો,
ઉજાળી ઉગ્ર કાંતીથી સકળ સંસાર, બાળો છો. ૩૦
સુરાધિક! હું નમું તમને સ્વરૂપ તમ ઉગ્ર નિષ્પાપી!
કૃપા કરીને કહો મુજને તમે છો કોણ જગ વ્યાપી?

જગતના આદી રૂપ દેવી તમે છો કોણ એ વ્યક્તિ,
નથી હું જાણતો કેશવ! તમારી દિવ્ય પ્રવૃત્તિ." ૩૧
શ્રીકૃષ્ણઃ—"અતિશે વૃદ્ધિ પામેલો પ્રબળ હું 'કાળ' ક્ષયકારી,
પ્રજાને ભક્ષવા કાજે અહીં પ્રવૃત્તિ છે મારી. ૩૨
ન લડશે તોય તું સઘળું રિપુનું સૈન્ય મરવાનું,
ભુમિ, સમૃદ્ધિને કાજે ઘટે યુદ્ધે વિચરવાનું.
પરંતપ! પ્રાપ્ત યશ કરવા તું યુદ્ધે એક ચિત્તજ થા,
રિપુ તુજ મેં હણેલાં છે છતાંએ તું નિમિત્તજ થા. ૩૩
જયંદ્રથ, કર્ણ, ભિષ્માદિ અને યુદ્ધાર્થી છે જેઓ,
વિજય તારોજ છે અંતે, હણ્યા છે સર્વ મેં તેઓ." ૩૪
સંજયઃ—"અતિશે પાર્થ ભય પામ્યો, વચન કેશવ તણાં જાણી.
પ્રણામો કૃષ્ણને કરીને બી'કે ગદ ગદ વદ્યા વાણી." ૩૫
"જગત તમ કિર્તિથી હર્ષે પુજે તમને પ્રિતિ પાસે,
નમે સિદ્ધો, દિશાઓમાં અસુર ભય પામીને નાસે. ૩૬
અસત્ સત્ સર્વથી પર છો તમે પરબ્રહ્મ મહાસ્વામી!
તમે આદિ વિધાતાના નમે જગ યોગ્ય શિરનામી. ૩૭
તમે છો વંદ્ય ને વેત્તા પરમજગના નિધાનજ છો,
કર્યું જગવ્યાપ્ત હે સ્વામી! તમે મહા દિવ્યસ્થાનજ છો. ૩૮
અનાદિ દેવ હે! આદિ તમે પ્રાચિન પુરૂષજન છો,
પ્રજાપતિ ને પિતામહના પિતા બહુવાર વંદન હો. ૩૯
વરૂણ, શશી, અગ્નિ ને વાયુ અતિબળ વિર્ય હું દેખું,
તમે છો સર્વ રૂપ સ્વામી! સમાનજ સર્વમાં પેખું. ૪૦
નમું પૃષ્ટે, મુખે તમને ન મહિમા આપનો જાણી,
સખા ગણિ 'કૃષ્ણ' 'યાદવ' એ પ્રમાદે હું વદ્યો વાણી. ૪૧
ક્ષુધા, એકાંત, શૈયાસન વિહારે કે પ્રકટ સ્થળમાં,
અનાદર મેં કીધો તેની ક્ષમા ચહું નાથ! આપળમાં. ૪૨

ચરાચર લોકના સ્રષ્ટા ગુરૂ, પ્રિય, પુજ્ય ને સાથી,
ન તમ જેવો ત્રિલોકે તો તમારાથી અધિક ક્યાંથી? ૪૩
અસાધારણ પ્રભાવાળા પ્રભુને દેહ આ ઢાળી,
'દયા કરજો' કહી વંદુ પુજાને યોગ્ય વનમાળી.
પરસ્પર મિત્ર, તનુ તાતે, પ્રિયા પતિથી દયા સાધે,
દયા તેવી રીતે કરજો તમે મમ સર્વ અપરાધે. ૪૪
ન પૂર્વે જોયું એવા આ સ્વરૂપથી હર્ષ બહુ આવ્યો,
થયું મન વ્યગ્ર બહુ ભયથી અસલ રૂપ પાછું દર્શાવો. ૪૫
જગતના વાસ રૂપ ઇશ્વર ફરી થઇ 'કૃષ્ણજી' આવો,
મુકુટ ચક્રો ગદાધારી ચતુર્ભુજ આપ થૈ જાઓ. ૪૬
હઝારો બાહુવાળા હે સ્વરૂપ તુજ તેજ હું યાચું,
અને ઓ વિશ્વ મુર્તિ! હું સદા તેના થકી રાચું." ૪૭
શ્રીકૃષ્ણઃ-"પરમરૂપ આદ્ય તેજસ્વી, ન જોયું કોઇએ મારૂં,
કૃપાથી આત્મ યોગે તે બતાવ્યું શોક હરનારૂં. ૪૮
મહા તપ, યજ્ઞ ને દાને ક્રિયા કે વેદ અભ્યાસે,
પરમ તેજસ્વી મમ રૂપ એ જગે નહિ અન્યને ભાસે. ૪૯
કહી આવું પુન કૃષ્ણે બતાવ્યું ભવ્ય રૂપ ભારી,
દીધા આશ્વાસનો તેને અસલ કાયા ફરી ધારી.
તને આ ઘોર સ્વરૂપેથી વિમુઢતા દુઃખ, નવ થાઓ,
પ્રિતિથી મૂળ સ્વરૂપ ભાળો! સકળ ભય તે ટળી જાઓ." ૫૦
સંજયઃ-"વચન એવાં વદી અચ્યુત, અસલ રૂપમાં ફરી વ્યાપ્યા,
વળી થઇ સૌમ્ય અર્જુન ને ઘણાં આશ્વાસનો આપ્યા." ૫૧
અર્જુનઃ-"થયો દૃઢ સ્વસ્થ હું પાછો તને અવલોકી વનમાળી!
મટ્યો ભય, સૌમ્ય કાંતી આ તમારી નેત્રથી ભાળી." ૫૨
સ્વરૂપ એ ભાળવા દેવો સદા ઝંખી રહે જેને,
ન રૂપ જે તું હવે દેખે અશક્યજ દેખવું તેને. ૫૩

કરે તપ હોમ કે દાનો અગર તો પાર્થ ! વેદેથી,
નહિ રૂપ એ શકે દેખી નિરાશજ થાય તું તેથી. ૫૪
અનન્યજ ભક્તિ-તત્વેથી હું એવો ભવ્ય દેખાઉં,
તથા જાણી શકાઉં ને પરંતપ પાર્થ ! વશ થાઉં. ૫૫
મહદ મુજને ગણી, 'કર્મો મને દઇને,' કરે ભક્તિ,
મને પામે પુરૂષ તેવા તજી ઉર વેર, આશક્તિ." ૫૬

અધ્યાય ૧૨ મો—ભક્તિ યોગ.

અર્જુનઃ-"અમર અવ્યક્ત ઇશ્વરની સદા ઉરમાં કરે ભક્તિ,
અને તુજ સેવકો, બેમાં સરસ કઇ યોગમાં વ્યક્તિ?" ૧
શ્રી કૃષ્ણઃ-"પરમ શ્રદ્ધા ધરી નિત્યે, મને થઈ યુક્ત સ્મરનારો,
અને આવેશ મુજ કાજે ગણ્યો તે યોગી મેં સારો. ૨
પરમ, અવ્યક્ત, અક્ષરને અચળ સઘળે રહ્યું વ્યાપી,
નહિ વર્ણન બને જેનું અચિંત્યજ નિત્ય નિષ્પાપી. ૩
કુટસ્થજ તત્વ એ સેવી જીતી અંગો ધરે સમતા,
કરે કલ્યાણ સહુ ભુતનું મને તે સર્વ મેળવતા. ૪
પડે છે ક્લેશ પર બ્રહ્મે ધરે જે ખુબ આશક્તિ,
ગતિ અવ્યક્તની કષ્ટે શકે જાણી બધી વ્યક્તિ. ૫
પરાયણ થાય જે મુજમાં મને સહુ કાર્ય અર્પે છે,
કરી મુજ ધ્યાન, યોગેથી હૃદય મુજને સમર્પે છે. ૬
હૃદય આવેશ છે છાંયો ધનંજય ! સર્વ મુજ સારૂં,
મરણ મય વિશ્વ સાગરથી હું તેને શિઘ્ર ઉદ્ધારૂં. ૭
પરંતપ ! તેથી મન બુદ્ધિ મને દે અર્પી હે ભાઈ !
શરીર તું ત્યાગી ને મુજમાં રહીશ સંશય ન ધર કાંઈ. ૮
તને જો ચિત્ત મારામાં ન શક્તિ હોય સ્થિર કરવા,
ધનંજય ! યોગ અભ્યાસે પ્રયત્નો કર મને વરવા. ૯

અશક્તિ હોય એ કામે કરો સહુ કાર્ય મુજ માટે,
કરીશ મુજ કાજ કર્મો તો ગૃહીશ તું શાંતી એ વાટે. ૧૦
ન એવી હોય જો શક્તિ રહો મુજ યોગને શરણે,
તજી ફળ કર્મની ઇચ્છા જીતી મન આણ મુજ ચરણે. ૧૧
સુખદ છે 'ધ્યાન' જ્ઞાનેથી સરસ છે 'ત્યાગ' તો તેથી,
તજે જે કર્મના ફળને શકે તે શાંતી લઈ એથી. ૧૨
કરૂણ ને મિત્રતાવાળો તજી અભિમાન મમતાને,
ક્ષમા, સમતા, સુખાસુખથી ભુતોથી દ્વેશ નહિ માને. ૧૩
સદા યોગી, જીતેન્દ્રિયને અડગ, સંતોષ, નિશ્ચય છે,
મને, મન બુધ્ધિ દે અર્પી મને એ ભક્ત બહુ પ્રિય છે. ૧૪
દુખી જેથી નથી લોકો ન લોકોથી દુખી જેઓ,
રહિત ભય, હર્ષ, દુખ, દ્વેશે મને પ્રિય જાણવા તેઓ. ૧૫
સ્પૃહા ત્યાગી, ઉદાસીન ને ચતુર દુખ મુક્ત જે પ્રાણી,
તજ્યો આરંભ કર્મોનો મને પ્રિય તેજ લ્યો જાણી. ૧૬
ન ઇચ્છા શોક કે ઇર્ષા શુભાશુભ ત્યાગનારો છે,
ન હર્ષે ભક્ત જે એવો મને બહુ તેજ પ્યારો છે. ૧૭
સખા ને શત્રુ, શિત ઉષ્ણે, સુખાસુખ, માન અપમાને,
સ્તુતી નિંદા, સકળ દ્વંદે સદા સમભાવ જે માને. ૧૮
સદા સર્વંત્ર સંતોષી, મુની, સ્થિર બુધ્ધિમય, વ્યકિત,
મને પ્રિય ગૃહવિહિન નર જે સદા મારી કરે ભકિત. ૧૯
કથ્યું આ ધર્મ—અમૃતને ધરી શ્રદ્ધા ભજે જેઓ,
પરાયણ ભક્ત જે મુજમાં મને અત્યંત પ્રિય તેઓ." ૨૦

અધ્યાય ૧૩ મો—ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ વિભાગયોગ.

અર્જુન—"પુરૂષ, ક્ષેત્રજ્ઞ શું પ્રભુજી ? અને શું પ્રકૃતિ, કાયા ?
વળી શું જ્ઞાન જ્ઞેયજ છે કથો તે સર્વ જગરાયા !" ૧

શ્રી કૃષ્ણ–"શરીર રૂપ ક્ષેત્રનો જ્ઞાતા જુદો જે દેહથી માનો,
પરંતપ! પ્રાણુ એ તેને કથે 'ક્ષેત્રજ્ઞ' વિદ્વાનો. ૨
બધા ક્ષેત્રો વિષે આત્મા રહેલો તે મને ધારો,
શરીર ને પ્રાણુની સમજણુ ખરૂં એ 'જ્ઞાન' મત મ્હારો. ૩
વિકારો, ભેદ શા તનમાં શરીર શું છે અને કેવું?
તથા આત્મા પ્રભા તેની કથું સંક્ષેપમાં તેવું. ૪
અચળ જે બ્રહ્મ સુત્રોના સયુક્તિક સહુ વચન દ્વારા,
વિવિધ રીત, છંદથી રૂષિઓ કથે તેના સ્તવન સારા. ૫
મહાભુત, ઇંદ્રિયો, ઇચ્છા, અહંતા, પ્રકૃતિ, મન છે,
તથા શર ધર્મ ઇંદ્રિયના સુખાસુખ, દ્વેષ ને તન છે. ૬
ધીરજ, ચૈતન્ય એ સઘળાં વિકારો ક્ષેત્રના ભાઇ!
કથ્યા સંક્ષેપમાં આજે હવે કહું જ્ઞાન સુખદાઇ. ૭
અહિંસા ને ગુરૂ ભક્તિ ક્ષમા સાથે પ્રમાણીકતા,
પુનિત ઉર. આત્મ નિગ્રહને સરળતા, નમ્રતા, સ્થિરતા. ૮
અહંતા, ત્યાગ ઇંદ્રિયના, વિષય ઉરથીજ પરહરવા,
જનન, દુખ ને જરા, વ્યાધી. મરણુના દોષને સ્મરવા. ૯
સ્ત્રી, ગૃહ ને પુત્ર આદિક્થી તજે આશક્તિ ને મમતા,
શુભાશુભની થતાં પ્રાપ્તી સદા દીલમાં રહે સમતા. ૧૦
અનન્યજ યોગથી મુજમાં અટળ રાખી રહે ભક્તિ,
પુનીત સ્થળમાં વસે, ત્યાગી, મનુષ્યોથી અનાશક્તિ. ૧૧
સમજવું જ્ઞાન તત્વોનું થવું સ્વતઃ આત્મજ્ઞાનેથી,
ખરૂં એ 'જ્ઞાન' છે, ઉલટું બધું 'અજ્ઞાન' છે એથી. ૧૨
હવે જે 'જ્ઞેય' ને જાણી પડે જગ મોક્ષની વાટે,
અસત્ સત્ જે નથી એવો કથું તે બ્રહ્મને માટે. ૧૩
ભુજા, પગ, નેત્ર, શીર, કર્ણો અને સર્વત્ર મુખધારી,
જગત ઘેરી રહેલું તે ધનંજય! છે નિરાકારી. ૧૪

ન ઇંદ્રિય તોય ઇંદ્રિયના ગુણો બ્રહ્મજ ભાસે છે,
રહીત આશક્તિથી તોએ ભુતો પોષી પ્રકાશે છે. ૧૫
ગુણો ને ભોગી નિર્ગુણ છે ભુતોમાં બ્હાર, દુર,પાસે,
ચરાચર વ્યાપ્ત છે તોએ નહિ અવ્યક્ત તે ભાસે. ૧૬
રહ્યું વ્હેંચાઇ સહુ ભુતમાં છતાં અવિભક્ત તે ધારો,
ભુતોત્પાદક અને પોષક પ્રલય પરિબ્રહ્મ કરનારો. ૧૭
અને તે જ્ઞાન, જ્ઞેયજ છે પમાયે જ્ઞાનથી તેવો,
સકલ હ્રુદયે રહ્યો વ્યાપી પ્રકાશીત બ્રહ્મ છે એવો. ૧૮
કથ્યું શું જ્ઞાન, જ્ઞેયજ છે અને શું ક્ષેત્ર તે ભાઇ!
સકળ આ જ્ઞાનને જાણી મળે મુજ ભક્ત મુજ માંહી. ૧૯
પુરૂષ ને પ્રકૃતિ બંન્ને અનાદિ પાર્થ! પરમાણો,
વિકારો ને ગુણો સઘળા થયા પ્રકૃતિથી જાણો. ૨૦
જગતમાં કાર્ય કારણ છે ઉપજતા પ્રકૃતિમાંથી,
અને હે પાર્થ! મહા બાહો! પુરૂષ સુખ દુખતણો સાથી. ૨૧
પુરૂષ રહી પ્રકૃતિમાંહી શુભાશુભને ગુણો સ્હે છે,
ગુણોમાં રાખી આશક્તિ શુભાશુભ યોની તે લે છે. ૨૨
વસ્યો દેહે છતાં પર જે ખરો ભોક્તા અને ભર્તા,
મહાનાત્મા, મહેશ્વર ને નિરીક્ષક તેજ છે કર્તા. ૨૩
"પુરૂષ ને પ્રકૃતિ આવા વિકારી" જ્ઞાન એ જેને,
કરે વ્યવહાર તે જગનો છતાં ફરી જન્મ નવ તેને. ૨૪
કંઇક જન સાંખ્ય યોગેથી અને કેં કર્મ કે ધ્યાને,
સ્વસત્તાથીજ એ દેહી વસ્યો નિજ દેહમાં માને. ૨૫
ન જાણે આ પ્રકારે તે ઉપાસે અન્યથી જાણી,
પરાયણ બ્રહ્મ શ્રવણે જે તરે તે મૃત્યુથી પ્રાણી. ૨૬
ચીજો સ્થાવર અને જંગમ ધનંજય! સર્વ નિરખાયે,
શરીર ક્ષેત્રજ્ઞના યોગે ચીજો ઉત્પન્ન એ થાયે. ૨૭

ચલિત પ્રાણી પદાર્થોમાં સમાનજ બ્રહ્મને પેખે,
ધનંજય! જાણુ સંસારે યથાર્થંજ તેજ જન દેખે. ૨૮
સમાનજ સર્વ સ્થાનોમાં પ્રભુનો વાસ નિરખે છે,
સ્વહસ્તે ના હણી નિજને પરમપદ તે પુરૂષ લે છે. ૨૯
કરે છે પ્રકૃતિ કર્મો અકર્તા દેહી ને ધારે,
ખરૂં અવલોકનારો તે અવર તો અંધ સંસારે. ૩૦
ભુતોના ભિન્ન છે ભાવો છતાં તે એકમાં માને,
જુએ વિસ્તાર તેમાંથી રહે તે મોક્ષને સ્થાને. ૩૧
અમર નિર્ગુણ અનાદિ જે પરમ આત્મા શરીર માંહી,
છતાં લેપન નથી તેને અને નવ તે કરે કાંઈ. ૩૨
બધે નભ વ્યાપ્યું પણ લેપન ન તેને સુક્ષ્મ છે તેથી,
શરીરમાં વ્યાપ્ત આત્માને ન લેપન એ પ્રકારેથી. ૩૩
રવિ છે એકપણ તેની પ્રભા સર્વત્ર વાસે છે,
અને ક્ષેત્રજ્ઞ ત્યમ ભારત! સકળ ક્ષેત્રે પ્રકાશે છે. ૩૪
તજે જીવ, પ્રકૃતિ શાથી? તફાવત દેહ આત્માનો,
જુએ જે જ્ઞાન નયનેથી પરમપદ તે ગૃહે માનો." ૩૫

અધ્યાય ૧૪ મો—ત્રિગુણ વિભાગ યોગ

શ્રીકૃષ્ણ—"પરમ ને શ્રેષ્ઠ જે જ્ઞાને ટળે ભવબંધ આ જેથી,
તને એ જ્ઞાન દઉં સિદ્ધો પરમપદ પામતા તેથી. ૧
સ્વરૂપ મુજ જ્ઞાનથી પામ્યા જગત પ્રલયે ન દુખ તેને,
જગતની થાય ઉત્પત્તિ છતાં ફરી જન્મ નવ એને. ૨
મુકુ છું ગર્ભ હું તેમાં મહદ જે બ્રહ્મ મુજ યોની,
અને ઉત્પત્તિ તેમાંથી જગતમાં સર્વ ભૂતોની. ૩
થતી યોનીથી કાયાનું મહા બ્રહ્મ જન્મનું સ્થળ છે,
પિતા હું સર્વનો; બીજ જે મુકું તે પાર્થ! મુજબળ છે. ૪

રજસ્તમ સત્વ ગુણ સઘળા ઉપજતાં પ્રકૃતિમાંથી,
ધનંજય ! એ ગુણો બાંધે અમર જીવનેજ કાયાથી. ૫
પરંતપ ! સત્વગુણ નિર્મળ, પ્રકાશક, કષ્ટને તોડે,
અને બંધન કરી જીવને સુખો ને જ્ઞાનમાં જોડે. ૬
રજોગુણ રાગરૂપ તૃષ્ણા તથા આશક્તિથી ઘેરી,
પછી બંધન કરે જીવને પરંતપ ! કર્મમાં પ્રેરી. ૭
તમોગુણ થાય અજ્ઞાને સકલ જીવ મોહમાં રાખે,
પ્રમાદાલસ્ય, નિદ્રાથી જીવોને બંધમાં નાંખે. ૮
'રજો ગુણ કર્મમાં જોડી' 'સુખો સૌ સત્વ ગુણ સાધે.'
'તમો ગુણ જ્ઞાનને ઢાંકી પ્રમાદે પ્રાણને બાંધે.' ૯
રજસ્તમ મંદ પડવાથી પ્રબળ બહુ સત્વ ગુણ થાએ,
રજો ગુણ સત્વ, ગુણ ઘટતાં તમો ગુણ ત્યાં વધી જાએ. ૧૦
'રજો ગુણ, સત્વ તમ હઠતાં.' "વળી સહુ દેહના દ્વારો–
પ્રકાશે જ્ઞાન તેજેથી, વધ્યો ત્યાં સત્વ ગુણ ધારો." ૧૧
સ્પૃહા, આરંભ કર્મોનો અશાંતી, લોભ, પ્રવૃત્તિ,
રજો ગુણની થતાં વૃદ્ધિ ઉપજતી સર્વ એ વૃત્તિ. ૧૨
અપ્રવૃત્તિ, પ્રમાદોને વધે અજ્ઞાન, મોહ જ્યારે,
ધનંજય ! વૃદ્ધિ થઇ ઉરમાં તમો ગુણની ગણો ત્યારે. ૧૩
વધ્યો છે સત્વ ગુણ ત્યારે બને છે કાળ જો જેનો,
પુનિત વિદ્વાન લોકોમાં ધનંજય ! જન્મ છે તેનો. ૧૪
મરણ મળતાં રજો ગુણમાં જનમ છે કર્મ કરનારે,
તમો ગુણમાં નિધન પામી વસે જીવ મુર્ખ સંસારે. ૧૫
મળે સાત્વીક અને નિર્મળ ફળો સત્કર્મ આચરતા,
અવિદ્યા છે તમો ગુણથી રજોગુણી કર્મ દુખ કરતા. ૧૬
અવિદ્યા, મોહ, આળસને તમો ગુણ પાર્થ ! પ્રકટાવે,
સમર્પે સત્વ ગુણ વિદ્ય, રજોગુણ લોભને લાવે. ૧૭

રજોગુણી મધ્ય કક્ષાને તમોગુણી નીચા રહેતા,
અને સ્થિત સત્વગુણ માંહી મહદ્ગતિ તેજ મેળવતા. ૧૮
ગુણો વિણ અન્ય નથી કરતા ગુણોથી પ્રાણુ પર, જ્યારે,
નિહાળે પાર્થ! જીવ એવું મને તે પામશે ત્યારે. ૧૯
શરીર ઉત્પત્તિ કરનારા ત્રિગુણ તરનાર જીવ જેનો,
જરા દુઃખ જન્મ મૃત્યુથી છુટયો જે મોક્ષ છે તેનો. ૨૦
અર્જુનઃ—"ત્રિગુણ તરનારનાં લક્ષણ, અને આચાર ને કેવાં?
તરીએ આ ગુણો શાથી પુછું તે નાથ! શિરનામી" ૨૧
શ્રીકૃષ્ણઃ—"સુવિદ્યા, મોહ, પ્રવૃત્તિ, ગયાની ના સ્પૃહા ધારે,
અને જો હોય તો તેને ધનંજય! ના તિરસ્કારે. ૨૨
ગુણોથી ના ચલિત થાતો ન કંઈ દરકાર દિલ દાખે,
ગુણો કર્મો કરે જાણી વિકાર ના ઉર રાખે. ૨૩
પ્રિયા પ્રિય ને સ્તુતિ નિંદા સમાનજ માટી કંચન છે,
શિલા, સુખ દુઃખ સરખાં છે પ્રમાણે એવું સદા મન જે. ૨૪
સમાનજ માન, અપમાને રિપુ ને મિત્ર પણ જેને,
તજ્યો આરંભ કર્મોનો "ગુણાતીત" જાણવો તેને ૨૫
સદા સેવા કરે મારી અનન્યજ ભક્તિ યોગેથી,
તરી ગુણ બ્રહ્મરૂપ થઈને અને છે યોગ્ય જન તેથી. ૨૬
અમર, અવ્યય, અને અમૃત તથા હું ધર્મનું સ્થાન છું,
અને હું બ્રહ્મ સુખ-રૂપનું ધનંજય! સ્થાન નિશ્ચળ છું." ૨૭

અધ્યાય ૧૫ મો—પુરૂષોત્તમ યોગ.

શ્રીકૃષ્ણઃ—"ઉંચે મુળ છે રહ્યું આવી, અને શાખા નીચે જેમ;
તથા છે પર્ણરૂપ છંદો અમર અશ્વત્થ રૂપ તેનો.
અમર આ વૃક્ષમાં જેમ રહ્યો છે સર્વ સમજતો,
ધનંજય! જાણવો તેને તમારે વેદનો જ્ઞાતા. ૧

નીચે ઉપર [illegible] / [illegible] ની [illegible]
ગુણોથી વૃદ્ધિ [illegible] પામેલી / વિષય [illegible] [illegible]
અંતે [illegible] કર્મના [illegible] / મૂળોથી [illegible]
મુખે [illegible] નીચે / [illegible] કે નિરાધાર છે. ૨
ન [illegible] સંધ્યાંત [illegible] આદિ / જગત [illegible]
મળી રૂપ વૃક્ષ આ એવું / [illegible] છે [illegible]
ધનંજય! [illegible] એને / [illegible] વૈરાગ્ય [illegible] થી
ગયા જન [illegible] ફરી આવે / થઈ [illegible] તે પદથી. ૩
અને જેમાંથી આ જગની / થએલી [illegible]
પુરૂષ એ આદિને ચરણે / [illegible] ૪
જીતે છે સંગના દોષો / રહિત છે મોહ ને [illegible]
રહે તલ્લીન [illegible] / અચળ અધ્યાત્મને [illegible]
વળી [illegible] / [illegible]
પરમ અવિનાશી એ પદને / [illegible] વિમૂઢ તે [illegible]
કિરણ રવિ [illegible] અગ્નિનું / [illegible] સ્થ[illegible]
ન ત્યાં જઈ જન્મ [illegible] / પરમ એ [illegible]
સનાતન અંશ જીવ રૂપથી / [illegible] સ્થિત [illegible] પ્રકૃતિમાં [illegible]
મનાદિ ઇંદ્રિયો સઘળી / [illegible] ૭
જીવાત્મા એક તન છોડી / [illegible]
અનિલ લે ગંધ ત્યમ સંગે બધા લઈ જાય છે ત્યારે. ૮
ત્વચા [illegible] ને જીભ [illegible]
વિષય સેવે [illegible]
નવી કાયા ધરી [illegible] / વિષય [illegible]
ન [illegible] તે [illegible] / [illegible] ૧૦
રહેલા બુદ્ધિમાં આત્મા / [illegible]
મલિન પુરૂષો શકે નીરખી ન જીવને ખૂબ યત્નોથી. ૧૧

રવિમાં તેજ જે પ્રકટ્યું પ્રકાશીત વિશ્વ કરનારૂં,
શશીના, અગ્નિના, તેજે ધનંજય! તે સ્વરૂપ મારૂં. ૧૨
હું પેસી પૃથ્વીમાં, બળથી ભુતો સગળા રહ્યો ધારી,
રસાત્મક ચંદ્ર થૈ પાળું વનૌષધી સર્વ દુખ હારી. ૧૩
હું પ્રાણે ને અપાને છું તથા જઠરાગ્નિ રૂપ થઇને,
ચતુર્વિધ અન્ન પાચન હું કરૂં છું દેહમાં રહીને. ૧૪
સ્મરણશક્તિ, વિસરવું ને તથા છે જ્ઞાન મારાથી,
અને વેદજ્ઞ હું પોતે થયા સહુ વેદ મુજમાંથી. ૧૫
હું પોતે 'જ્ઞેય' વેદોમાં અને વેદે વહેલો છું,
સકળ પ્રાણીતણાં ઉરમાં ધનંજય! હું રહેલો છું.
પુરૂષ 'અક્ષર' અને 'ક્ષર' એ જગતમાં બેજ છે એવા,
અચળ જે તે જ 'અક્ષર' છે ભુતો 'ક્ષર' જે ચળે તેવા. ૧૬
'પરમ આત્મા' કથા એ તે ધનંજય! બેઉથી પર છે,
ત્રિલોકે વ્યાપી જગ પોષે અમર તે એક ઇશ્વર છે. ૧૭
ચળાચળ સર્વથી પર હું જગત તેથી મને માને,
પ્રસિદ્ધજ વેદ ને લોકે હું 'પુરૂષોત્તમ' અભિધાને. ૧૮
મને ઉત્તમ પુરૂષ રૂપ જે ગણે છે જ્ઞાનમય વ્યક્તિ,
અને સર્વ રીતે મારી કરે સહુ ભાવથી ભક્તિ. ૧૯
પુરૂષ કૃત કૃત્ય થઈ બુદ્ધિ ધનંજય! જેથી મેળવતા,
અતિ ગુહ્ય શાસ્ત્ર એ તુજને કહ્યું તેથી દુખો ટળતા." ૨૦

અધ્યાય ૧૬ મો—દેવાસુરસંપદ વિભાગ યોગ.

શ્રીકૃષ્ણઃ—અભય, તપ, ચિત્ત સ્થિર યોગે સરળતા, જ્ઞાન, મનશુદ્ધિ,
અહિંસા, દાન, સંયમને અડગતા, યજ્ઞ, સદબુદ્ધિ. ૧
તથા અભ્યાસ શાસ્ત્રોનો કપટ ને ક્રોધને ટાળે,
દયા, નિર્લોભ, મૃદુ, લજ્જા ધીરજ, શાંતી, ક્ષમા, પાળે.

ન ઇર્ષા, ત્યાગ ને શુદ્ધિ, ન કરવો દ્રોહ કૈં જનનો,
નહિ અભિમાન, બલ દૈવી અને સંયમ અતિ મનનો. ૨
પુરૂષ જે સંપત્તિ દૈવી લઇ અવતાર જો ધારે,
સ્વભાવેથી ગુણો સહુ આ મળે તેનેજ સંસારે. ૩
જનમ છે આસુરી ગુણથી પુરૂષ તે દૈવી, અભિમાની,
સ્વભાવે ક્રોધ, મદ, ક્રુરતા અને બહુ હોય અજ્ઞાની. ૪
ગુણો જે આસુરી સઘળા ધનંજય ! બંધનો સ્થાપે,
અને દૈવી ગુણો નિશ્ચે પરંતપ ! મોક્ષપદ આપે. ૫
તું જન્મ્યો દૈવી ગુણવાળો ન કર તું શોક કૈં વાતે,
થઈ ઉપત્તિ જીવ કેરી અદૈવી દૈવી બે જાતે.
તને દૈવી જીવો કેરી કથી ઉત્પત્તિ વિસ્તારી,
હવે ઉત્પત્તિ હું કહું છું અસુર જીવની પીડાકારી. ૬
પુનિતતા, સત્ય, નિવૃત્તિ ન જાણે આસુરી પ્રાણી,
નહિ પ્રવૃત્તિ પણ સમજે શકે આચાર નવ જાણી. ૭
કહે તેઓ "જગત ખોટું નથી ઇશ્વર સમીપ વ્યક્તિ,
થઇ નરનારીના યોગે સકલ સંસાર ઉત્પત્તિ." ૮
વિનાશક, અલ્પ બુદ્ધિના અધમ એવી ધરી દષ્ટિ,
કરી ક્રુર કર્મ, તત્પર તે બને સંહારવા સૃષ્ટિ. ૯
ન પામે પુર્ણતા એવા વિષય વશ, દંભી, મદધારી,
ગૃહી સિદ્ધાંત તે ખોટા બને પોતે દુરાચારી. ૧૦
અપરિમિત રાખતા ચિંતા મરણથી શુન્ય થાનારી,
મદનને ભોગ કહી સારાં રહે સુખ બુદ્ધિ ત્યાં ધારી. ૧૧
પડયા છે કામ ને ક્રોધે, બન્યા છે બુદ્ધ આશાયે,
અધર્મે ભોગને કાજે ધનંજય ! દ્રવ્ય તે ચ્હાયે. ૧૨
મને આજે મળ્યું છે આ હું પામીશ આ મનોરથને,
અધિક કૈં દ્રવ્ય મુજ કાજે કરીશ હું પ્રાપ્ત બહુ મથને. ૧૩

રિપુ માર્યો, બીજાને હું હણીશ, હું સિદ્ધ ઇશ્વર છું,
અને [illegible] ભોગી સુખી [illegible] નર છું. ૧૪
ધનાઢ્ય, [illegible] નથી કોઇ [illegible] માને,
ખુશ [illegible] દાન [illegible] મોહથી અજ્ઞાને. ૧૫
[illegible] મોહમાં [illegible] ચિત્તથી વિકારી,
[illegible] નરકમાં [illegible]. ૧૬
[illegible] માનથી [illegible]
અશાસ્ત્રીય [illegible] અભિમાની. ૧૭
અહંકાર [illegible] કામ ક્રોધ [illegible]
સ્વપરમાં [illegible]. ૧૮
નિરંતર [illegible]
અશુભ [illegible] નરાધમ [illegible]. ૧૯
[illegible]
પછી [illegible]. ૨૦
[illegible] દ્વાર [illegible]
[illegible] તજવાં એ ત્રણ મનથી. ૨૧
એ ત્રણ [illegible] મુક્ત [illegible]
મળે [illegible] ઉત્તમ ગતિ [illegible] શ્રેયને કરશે. ૨૨
[illegible] શાસ્ત્રની આજ્ઞા તજી [illegible] વર્તશે,
નહિ સુખ સિદ્ધિ તેને નહિ [illegible] ગતિ મળશે. ૨૩
શું કાર્ય અકાર્ય નિર્ણિત તે કરી લઇ શાસ્ત્ર [illegible]
શાસ્ત્રવિધિ [illegible] ઘટે કરવા જરૂર તારે. ૨૪

અધ્યાય ૧૭ મો—શ્રદ્ધાત્રયવિભાગયોગ.

[illegible] શાસ્ત્રોનો નિયમ [illegible] શ્રદ્ધાથી,
સ્થિતિ તેની કયા ગુણની રજ તમ સત્વ ત્રણમાંથી. ૧

શ્રી કૃષ્ણ:—"શરીર ધારી જીવો કેરી ત્રિવિધ શ્રદ્ધા સ્વભાવેથી,
રજસ્તમ સત્ત્વ ગુણવાળી સુણો, કહું તેહ ભાતિથી. ૨
મતિ અનુસારીણી શ્રદ્ધા મનુષ્ય જાણ શ્રદ્ધાનો,
અને શ્રદ્ધા ઉરે જેવી બને તેમ માનવી માનો. ૩
રહી જ્યાં સાત્વિકી શ્રદ્ધા કરે તે દેવની ભક્તિ,
ભજે છે યક્ષ રાક્ષસને પરંતપ રાજસી વ્યક્તિ. ૪
અને જે તામસી જન છે પૂજે ભૂત પ્રેતને તેઓ,
ત્રિવિધિ શ્રદ્ધા પ્રમાણોના ગણો ઉપરોક્ત તે હેતો.
અહંકારી અને કામી ઉરે છે કામ આશાની
અશાસ્ત્રિય ઉગ્ર તપ સાધે [illegible] ! [illegible] તે વ્યક્તિ. ૫
શરીરમાં [illegible] અને તેવો [illegible]
[illegible] નિશ્ચયાત્મા [illegible] જાણવા તેઓ. [illegible]
ત્રિવિધ આહાર પ્રિય તેવા ત્રિવિધ તપ યજ્ઞ ને દાનો,
[illegible] ભેદ [illegible] તેના [illegible] ૭
[illegible]
[illegible]
જીવન, સત્ત્વ, [illegible] આરોગ્ય, બળ [illegible]
અને સાત્વિક મનુષ્યોને ગમે તે [illegible]
[illegible] ને [illegible]
[illegible]
[illegible]
મનુષ્યો તામસી [illegible] પણ [illegible] અભિલાષો. ૧૦
થતાં [illegible] યજ્ઞ જે [illegible] તજી ફળની સ્પૃહા ભારી,
[illegible] 'સાત્વીક' છે 'જરૂર છે યજ્ઞની ધારી'. ૧૧
ગણો તે યજ્ઞ 'રાજસ' છે થતા પ્રતિ લાભને માટે
[illegible] અગર દેખાડવા માટે. ૧૨

ન દાનો, દક્ષિણા, મંત્રો તથા શ્રદ્ધા નથી કાંઇ,
ગણો તે યજ્ઞ 'તામસ' છે વિધિહિન જે થયો ભાઈ. ૧૩
અહિંસા, સ્વસ્થતા, શુદ્ધિ જીતેન્દ્રિય, મુક્ત, માયાથી,
ગુરૂ, દ્વીજ, દૈ, જ્ઞાનીનું પુજન 'તપ' એજ કાયાથી. ૧૪
કરે અભ્યાસ શાસ્ત્રોનો મૃદુ વચનો મુખે ધારે,
વદો પ્રિય, સત્ય, હિતકારી ગણો 'તપ' એજ ઉચ્ચારે. ૧૫
મનોનિગ્રહ અને શાંતી મુદિત મન, ભાવના સારી,
અને છે મૌન્ય 'તપ મનના' બધા આવાં ધનુર્ધારી ! ૧૬
ત્રિવિધતપ, ત્યાગી આશક્તિ કરાયે પુર્ણ શ્રદ્ધાથી',
ખરૂં તપ તેજ 'સાત્વીક' છે થતું મનની અડગતાથી. ૧૭
પુજા, સત્કાર, કે કિર્તિ અગર બહુ માન ઉર લેવા,
થયાં તપ જાણ અસ્થિર તે 'રજોગુણ' છે તપો તેવાં. ૧૮
પરાયા નાશને કાજે દુરાગ્રહી મૂઢતા થઇને,
કર્યું તે 'તામસી' તપ છે વળી પોતે પીડા સહીને. ૧૯
સમય, સ્થળ, પાત્રને ભાળી 'અવશ્યજ આપવું ધારી,'
અપત્યુપકારીને દેવું ખરૂં સાત્વીક વિજયકારી. ૨૦
'રજોગુણી દાન' તે જાણો દીએ ફળ પામવા સાટે,
તથા સહી કષ્ટ દે પરને પ્રતિ ઉપકારને માટે. ૨૧
'તમોગુણીદાન' તે જાણો ન આપ્યુ હોય સત્કારી,
અયોગ્યજ, કાળ, સ્થળ, પાત્રે દીધું અપમાન દૈ ભારી. ૨૨
પ્રભુના ૐ તત્, સત્, એ ત્રિવીધ નિર્દેશવા ભેદો,
સૃજ્યા તેનાથી સૃષ્ટાએ ભુદેવો, યજ્ઞ ને વેદો. ૨૩
થનારી બ્રહ્મવાદીથી વિધીવત, શાસ્ત્ર આધારે,
ક્રિયા તપ, યજ્ઞ, દાનોની પ્રવર્તે ઓમ ઉચ્ચારે. ૨૪
મુમુક્ષુ, કર્મ ફળ છોડી વદી તત્ શબ્દ ભય હારી,
ક્રિયા તપ, યજ્ઞ, દાનોની વિવિધ રીતથી કરે સારી. ૨૫

અને 'સત્' શબ્દ શુભ કર્મે જુઓ ભારત ! પ્રયોજાયે,
વળી સદભાવ, સાધુત્વે સદા 'સત્' શબ્દ જોડાયે ! ૨૬
કહે 'સત્' દાનને યજ્ઞે તપે જે પાર્થ ! હાલત છે,
અને તે ધર્મને અર્થે કરાતાં કર્મ પણ 'સત્' છે. ૨૭
ક્રિયા, ફળ હોમ કે દાનો અશ્રદ્ધાએ થયા ભાઈ !
'અસત્' કહેવાય તે તેનું ઉભય લોકે ન ફળ કાંઇ." ૨૮

અધ્યાય ૧૮ મો—મોક્ષ સંન્યાસયોગ

અર્જુન:—"કહો તત્વો જુદા પાડી રહ્યા જે જ્ઞાન, સંન્યાસે,
હું તેને જાણવા ઈચ્છું દયાઘન ! આપની પાસે." ૧
શ્રીકૃષ્ણ:—"કહે સંન્યાસ વિદ્વાનો, સકામજ કર્મ તજવાને,
વિચક્ષણ, 'સર્વફળ તજવા પરમ સંન્યાસ તે માને.' ૨
ધીમંતો; 'કર્મ દોષિત છે' ગણી ત્યજવા કહે જ્યારે,
કુશળ જન દાન, તપ, યજ્ઞો, કહે તજવા ન સંસારે. ૩
કહું મત પાર્થ ! હું મારો ઉભય એ ત્યાગને કાજે,
ધનંજય ! ત્યાગ ત્રણ રીતનો સુણાઉં હું તને આજે. ૪
પરંતપ ! દાન, તપ, યજ્ઞો, ન એ ત્રણ ત્યાજ્ય છે માનો,
અને તપ, દાન, યજ્ઞેથી ખરેખર શુદ્ધ વિદ્વાનો. ૫
ઘટે છે કર્મ કરવા એ તજી ફળને, અમમતાથી;
કથ્યો મુજ શ્રેષ્ઠ મત તેને તમે પાળો અડગતાથી. ૬
ન તજવા નિત્ય એ કર્મો તજે મોહે અવિદ્વાનો,
છતાં મોહથી તજે કર્મો 'તમોગુણી' ત્યાગ તેમાનો, ૭
દુખદ કર્મો ગણી તેને શરીર ક્લેશે ડરી તજતાં,
'રજોગુણી ત્યાગ' એ તેથી ફળો નહિ ત્યાગના મળતા. ૮
'ઘટિત આ કર્મ કરવા છે' ગણીને છોડી અશક્તિ,
તજી ફળની પિપાશાને કરે છે કર્મ જે વ્યક્તિ. ૯

ગણે તે ત્યાગ સાત્વીક છે, અને વિદ્વાન એ ત્યાગી
"થયો [illegible] સંશયને, પુરૂષ જે ધર્મ અનુરાગી.
-ઢી એ [illegible] કર્મ એવાને નથી તે ત્યાગ પણ કરતો
[illegible] કર્મ ગણી એવું નથી તે કર્મ આદરતો. ૧૦
ન સૌ [illegible] શકે ત્યાગી જગતમાં દેહ છે જે
[illegible] કર્મના [illegible] ખરો ત્યાગી ગણો તેને. ૧૧
ત્રિવિધ ફળ કર્મના આવો અશુભ કે મિશ્રને સારા,
ન પામે [illegible] અત્યાગી [illegible] નારા. ૧૨
[illegible] ૧૩
[illegible] ૧૪
[illegible] ૧૫
[illegible] ૧૬
[illegible] ૧૭
[illegible] ૧૮
[illegible] ૧૯
[illegible] ૨૦
[illegible] રાજ [illegible] ને. ૨૧

વૃથા જે જ્ઞાનથી ભાઇ! ગણી સંપૂર્ણ સહુ પ્રાણી
ન તેના કારણો, તત્વો, જરા પણ ના લીએ જાણી
છતાં પણ અલ્પ બુદ્ધિથી, અતિ વળગી રહે એમાં
'અનિષ્ટજ જ્ઞાન' એ સહુમાં, કથાએ 'તામસું' તેને. ૨૨

કથાંએ 'કર્મ સાત્વીક' તે થતું ફળની તજી આશા
ન રાખે રાગ ને દ્વેષો ન રાખે ભોગ અભિલાષા. ૨૩

અહંતા, ક્લેશ, ઉર ધારી, તથા જે કામના વશ છે
ઘડે તેવા પુરુષ કર્મો, બધા તે 'કર્મ રાજસ' છે. ૨૪

ન જાણી નાશ, બલ, હિંસા, તથા પરિણામ, નિજ શક્તિ
કર્યાતા કર્મ 'તામસ' છે વળી ઉર રાખી આશક્તિ. ૨૫

ધીરજ ઉત્સાહ ભરી ઉરમાં તજી અભિમાન, આશક્તિ
ફળો કે ના ફળો કર્મો રહિત છે તેથી જે વ્યક્તિ
વિકારો ના ધરી તેના સદા કર્મે જ અનુસરતા
ધનંજય! જાણવો તેને ખરેખર 'સત્વ ગુણી કર્તા'. ૨૬

અપાવન, રાગી ને લોભી, તથા ઉર દ્વેષ, હર્ષ, શોક
તથા હિંસક પિપાસુ છે 'રજો ગુણી' જાણવો તેને. ૨૭

વિશાદી, દિર્ઘ સુત્રી ને વિનય હિન ને શઠ પરતાપી
પ્રમાદી, ક્રોધી, જડવાદી ગણો, તે 'તામસી કર્તા'. ૨૮

ત્રિભેદો; ધૈર્ય બુદ્ધિના ગુણો અનુસાર છે ધરે
પૃથક્ તે સર્વ સમજાવું તને ગુણો ભિન્ન હું કહું. ૨૯

ભયાભય, બંધને મુક્તિ યથાર્થ જ જાણતા જેઓ
અને નિવૃત્તિ પ્રવૃત્તિ કળે જેવી મતિ એથી
શુભાશુભ કાર્ય પરખાયે હૃદય પામે પછી શુદ્ધિ
પરંતપ પાર્થ! તે જાણો રહી છે 'સાત્વકી બુદ્ધિ'. ૩૦

ન કાર્યાકાર્યને જાણે ન ધર્માધર્મ સમજાએ
'રજો ગુણી બુદ્ધિ' એ તેથી ન કંઇ સત્ય પરખાયે. ૩૧

ધનંજય! 'તામસી બુદ્ધિ' અધર્મે ધર્મને ભાળે,
જુએ વિપરીત સકલ વસ્તુ હૃદયથી સત્યને ટાળે. ૩૨
'પ્રિતિ યોગે રહે એવી' ધીરજથી સર્વ ઇંદ્રિયની,
અને જે જે ક્રિયા થાતી ધનંજય! પ્રાણ ને મનની.
બધી એવી ક્રિયાઓમાં પરમ સંયમ સદા પાળે,
સુણો તે 'ધૈર્ય સાત્વિક' છે જગતના કષ્ટ સૌ ટાળે. ૩૩
મદન, ધર્માર્થ ને સેવા ધરી ફળની અભિલાષા,
'ધીરજ તે રાજસી' જાણો વિવિધ ઉરમાં ધરી આશા. ૩૪
અહંતા, કલેષ, ભય, નિદ્રા ન ત્યાગે પાર્થ! મુઢતાથી,
'તમો ગુણી ધૈર્ય' તે ભાઇ! ન જાએ શોક ઉરમાંથી. ૩૫
હવે સુખ; પાર્થ! કે જેમાં રમે છે લોક અભ્યાસે,
ત્રિવિધ સુખ તે તને કહું છું દુખો તેથી બધા નાસે. ૩૬
ખરૂં 'સુખ તેજ સાત્વીક' છે ઉપજતું આત્મ જ્ઞાનેથી,
પ્રથમ વિષપાનવત લાગે છતાં સુખ અંતમાં તેથી. ૩૭
'રજોગુણી' જે 'સુખો' ઉપજે વિષય ને ઇંદ્રિયોનાથી,
પ્રથમ અમૃત સમું; અંતે મળે દુખ પાર્થ! તેનાથી. ૩૮
વળી આરંભ ને અંતે ઉપજતો મોહ બહુ જેથી,
ગણાયે 'તામસી સુખ' તે થયું નિદ્રા, પ્રમાદેથી. ૩૯
ગુણો ત્રણ પ્રકૃતિમાંથી થયા છે પાર્થ! હે ભાઇ,!
ન ગુણથી સ્વર્ગ સૃષ્ટિમાં પદાર્થો મુક્ત છે કાંઇ. ૪૦
ધનંજય! ચાર વર્ણોમાં રહ્યા ગુણ જે સ્વભાવેથી,
અને એ ચાર વર્ણોના જુદા છે કર્મ પણ તેથી. ૪૧
'સ્વભાવજ કર્મ બ્રાહ્મણના ક્ષમા, તપ, શૌચ, શમ, દમ છે,
સરળતા, જ્ઞાન, પ્રભુ, શ્રદ્ધા સદા તપનો સમાગમ છે.' ૪૨
'સ્વભાવજ કર્મ ક્ષત્રીયના અધિશ્વર ભાવ, શુરવીરતા,
અડગ યુદ્ધે, તથા દાની સુકાંતી, દક્ષતા, ધીરતા.' ૪૩

'કૃષિ, વ્યાપાર, ગૌરક્ષા સ્વભાવજ વૈશ્યના કર્મો,'
'સુજનની સેવના કરવી ધનંજય! શુદ્રના ધર્મો.' ૪૪
સુસિદ્ધિ જ્ઞાનની પામે નિયત નિજ કર્મ આચરતા
પ્રથમ તે સાદી સિદ્ધિને કહું હું કેમ મેળવતા. ૪૫
થઈ ઉત્પન્ન આ સૃષ્ટિ અને વ્યાપી રહી જેથી,
મનુષ્યો સિદ્ધિ, તે પ્રભુને પુજી લે છે સ્વકર્મથી. ૪૬
સ્વકર્મે હોય ગુણ ઓછા બિજાના ધર્મના કરતા,
છતાં નિજના સ્વભાવે તે ધનંજય હોય અનુસરતા.
તજી પરધર્મને તેથી કરે નીજ કર્મ એ સારૂં,
પીડા કે પાપ નવ કાંઈ અને છે શ્રેય કરનારૂં. ૪૭
ન તજવા દોષમય તોએ થતાં કર્મો સ્વભાવેથી,
છવાયા દોષથી કર્મો અનલ જેવો ધુમાડેથી. ૪૮
પરંતુ બુદ્ધિ છે જેની રહિત આશક્તિથી ભાઈ!
જીત્યો નિજ આત્માને, 'જેને નથી ઈચ્છા રહી કાંઈ.'
અને એવી સ્થિતિ જેની બને છે પાર્થ! સંસારે,
તજે સંન્યાસથી કર્મો મળે છે સિદ્ધિ એ ત્યારે. ૪૯
મહદ જે જ્ઞાનનો હેતુ પરમપદ સિદ્ધિ પામે છે,
કહું કેવી રીતે બ્રહ્મ સકલ સિદ્ધો વિરામે છે. ૫૦
વિશુદ્ધજ બુદ્ધિવાળો તે ધીરજથી સૌ વિષય ત્યાગી,
નિયમમાં રાખીને મનને બને નિર્દ્વંશી, અણુરાગી. ૫૧
સુભોજન, વાસ એકાંતે નિયમમાં રાખી મન કાયા,
પરાયણ ધ્યાન ને યોગે સદા વૈરાગ્યની છાંયા. ૫૨
અહં, બલ, ક્રોધ, પરિગ્રહને તજી મદ, કામ, આશક્તિ,
થવાને બ્રહ્મરૂપ જાણો સુયોગ્યજ શાંત તે વ્યક્તિ. ૫૩
સકલ ભુત માત્રમાં રમતા રહે ઉર સ્વસ્થતા ભારી,
ન ઈચ્છા શોક છે તેને 'પરાભક્તિ' મળે મારી. ૫૪

હું કેવો ? કોણ છું ? સઘળું શકે તે ભક્તિથી જાણી
અને જાણ્યા પછી મુજમાં પ્રવેશે તે મનુજ પ્રાણી. ૫૫
સદા મમ આશ્રયે રહીને ધનંજય ! કર્મ જે કરતા,
છતાં મારી કૃપાથી તે અમરપદ પાર્થ ! મેળવતા. ૫૬
સમર્પિ કર્મ સૌ મુજને પરાયણ થા મને ભાઇ !
ગ્રહી મતિ, યોગ, આશ્રયને સદા ધર ચિત્ત મુજ માંહી. ૫૭
ધરીશ તું ચિત્ત મારામાં સકલ સંકટ તરી જાશે,
અને મારી કૃપાએથી જરૂર તારૂં ભલું થાશે. ૫૮
છતાં જો તું અહંકારે તજીશ ઉપદેશ આ મારો,
ન માનીશ વેણ મારા તો ધનંજય ! નાશ છે તારો.
થશે મિથ્યા 'લડું નહિ હું' વૃથા થઇને અહંકારી,
પટકશે યુદ્ધમાં તુજને ધનંજય ! પ્રકૃતિ તારી. ૫૯
નથી જે ઇચ્છતો કરવા તું આજે મોહને ગણી,
'સ્વભાવજ કર્મ' બંધનથી કરીશ તું પાર્થ ! તે સર્વ. ૬૦
પ્રભુ જીવ માત્રના હૃદયે રહી સૃષ્ટિ ચલાવે છે,
અને ભુત સર્વ માયાથી જગત ચક્ર ભમાવે છે. ૬૧
બધી રીતથી શરણુ તેનું ગ્રહી તેની કૃપાથી,
અચળ સ્થળને પરમ શાંતી તને મળશે જરૂર તથા. ૬૨
અતિ ગુઢ ગુપ્ત આ વિદ્યા સુણી તેનું મનન કરજે,
છતાં પુષ્કળ વિચારી તું સ્વઇચ્છાનેજ ઉર ધરજે. ૬૩
વળી સુણ ગુહ્ય આ સહુથી વચન જે શ્રેષ્ઠ છે મારૂં,
તું ઇષ્ટ ને પ્રિય મુને તેથી કહું તુજ શ્રેય કરનારૂં. ૬૪
તું મનને રાખ મારામાં અને થા ભક્ત તું મારો,
પુજન ને યજ્ઞ કર મારા મને કરીને નમસ્કારો,
મને તું પામશે એથી વળી મુજને તું બહુ પ્રિય છે,
કહું હું આ પ્રતિજ્ઞાથી કથન મુજ સત્ય નિશ્ચય છે. ૬૫

તજીને સર્વ ધર્મોને શરણ રહેજે, સદા મારે,
નિવારીશ પાપ હું તારાં ન કરજે શોક કં તારે. ૬૬
રહિત જે ભક્તિ સેવાથી, તપસ્વિ જે નથી પ્રાણી,
અને મમ દ્વેષીને કહેવી નહિ આ જ્ઞાનની વાણી. ૬૭
પરમ અજ્ઞાન જે મારું સદા મુજ ભક્તને કહેશે.
પરે ભક્તિ વડે મુજને જરૂર તે પાર્થ ! મેળવશે. ૬૮
મને પ્રિય તેજ છે એવા સદા મુજ કર્મ કરનારો,
અધિક સૃષ્ટિ વિષે તેથી થશે નહિ કોઈ પ્રિય મારો. ૬૯
પુનિત સંવાદ આ તેનું કર્યું છે અધ્યયન જેણે,
હું માનીશ જ્ઞાન યજ્ઞથી યજ્ઞ મારો કરી તેણે. ૭૦
ધરી મનમાં [illegible] શ્રદ્ધા તજીને દ્વેષ સૌ જેઓ,
ગીતા આ સાંભળે સ્નેહે બને છે મુક્ત જન તેઓ.
મળ્યો પુણ્ય કર્મોને કરી જે લોક મેળવતા,
ધનંજય ! તેજ શુભ લોકો ગીતા સુણનારને મળતા. ૭૧
"અતિ એકાગ્ર ચિત્તે તે સુણ્યો કે યોગ આ મારો ?
થયેલો પાર્થ ! અજ્ઞાને મટ્યો તે મોહ શું તારો ?"૭૨
અર્જુન:–"સ્મૃતિ છે પ્રાપ્ત થઇ મુજને, તમારી આ કૃપાએથી,
ટળ્યો છે મોહ પણ મારો અને દૃઢ હું બન્યો તેથી.
સ્મૃતિ થઇ સત્યની મુજને થયું સ્થિર ચિત્ત છે મારૂં,
બન્યો શંકા રહીત હું તે '**વચન પાળું પ્રભો ! તારૂં**.'' ૭૩
સંજય:–''ધનંજય કૃષ્ણની વચ્ચે ઉભા સહુ રોમને કરતો,
સુણ્યો સંવાદ અદ્ભુત એ દુખો સંસારના હરતો. ૭૪
કથાયો ગુપ્ત યોગજ આ ધરાધીશ કૃષ્ણ મુખડેથી,
સુણ્યો તે વ્યાસજી કેરા પુનિત ઉરના પ્રસાદેથી. ૭૫
પુનઃ હું કૃષ્ણ અર્જુનનો પરમ સંવાદ એ સ્મરતો,
પ્રસંગો યાદ સૌ કરતા અતિ હું હર્ષ મેળવતો. ૭૬

પ્રભુનું વિશ્વરૂપ પાછું અતિ પ્રીતથી હું સંભારૂં,
થતું આશ્ચર્ય બહુ ત્યારે અને આનંદ ઉર ધારૂં. ૭૭
"જહાં છે કૃષ્ણ મહાયોગી અને અર્જુન ધનુર્ધારી,
નિતિ ધન, લક્ષ્મી જય ત્યાં છે. અચળ એ માન્યતા મારી." ૭૮
"અધિક છે જેઠ મહિનાની પુનિત સુદ દ્વાદશી આજે,
પ્રથમ રજની તણાં પ્રહરે હૃદય ઉલ્લાસમાં રાજે. ૭૯
સદી વિક્રમ તણી વિસમી વિષે સિત્તેર નવ વર્ષે,
ગીતા 'કુર્ણિક' ગઝલમાં હું રહ્યો ગાઈ અતિ હર્ષે." ૮૦
થજો સર્વત્ર સુખ વર્ષા જગત હરિને હૃદે ધારો,
ટળી દુખ ભદ્ર હો સહુનું પ્રભો ! મમ હિંદ ઉદ્ધારો. ૮૧
સકલ નરનાર ભારતના બનો હિંદુત્વ હિતકારી,
થજો કલ્યાણ ભારતનું પ્રભો ! એ પાર્થના મારી. ૮૨

ૐ શાંતી શાંતી શાંતી.